


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 052
Dt.: 02-11-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### નાસભાગમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા

## આંધ્ર પ્રદેશના વેંકટેશ્વર મંદિરમાં નાસભાગ, ૧૦ ભક્તોના મોત

**મંદિર સંકુલના પ્રવેશદ્વાર પાસે ભીડનું દબાણ વધતા નાસભાગ મચી હતી, આથી, ઘણા લોકો નીચે પડી ગયા અને ધક્કામુક્કી થતાં ભીડે તેમને કચડી નાખ્યા હતા**



(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીકાકુલમ

આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લામાં આવેલા કાશી બુગ્ગા વેંકટેશ્વર સ્વામી મંદિરમાં આજે શનિવારે ભાગદોડ મચી ગઈ હતી. જેમાં ઓછામાં ઓછા ૧૦ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. અધિકારીઓએ જણાવ્યું છે કે, મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે, કારણ કે કેટલાક ઘાયલોની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.

એકાદશીના શુભ પ્રસંગે મંદિરમાં દર્શન કરવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી, જેના કારણે આ અકસ્માત થયો હતો. પ્રાથમિક અહેવાલો અનુસાર, મંદિર સંકુલના પ્રવેશદ્વાર પાસે ભીડનું દબાણ અચાનક વધી ગયું હતું, જેના કારણે ગભરાટ અને નાસભાગ મચી ગઈ હતી. આથી, ઘણા લોકો નીચે પડી ગહયા અને ધક્કામુક્કી થતાં ભીડે તેમને કચડી નાખ્યા હતા.

માહિતી મળતાં જ, વહીવટીતંત્રે રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. જિલ્લા વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને પરિસ્થિતિને કાબુમાં લેવા માટે વધારાના પોલીસ દળો તૈનાત કરાયા હતા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, સવારથી જ મંદિરમાં ભીડ નોંધપાત્ર રીતે વધી ગઈ હતી, અને પૂરતી સુરક્ષા વ્યવસ્થાના અભાવે પરિસ્થિતિ નિયંત્રણ બહાર થઈ ગઈ હતી. સ્થાનિક વહીવટીતંત્રે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે અને ભીડ નિયંત્રણમાં ક્યાં ભૂલ થઈ તે નક્કી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ કહ્યું કે, "શ્રીકાકુલમ જિલ્લામાં કાશીબુગ્ગા વેંકટેશ્વર મંદિરમાં થયેલી ભાગદોડથી હંગામો મચી ગયો છે. આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં જાનહાનિ અત્યંત દુઃખદ છે. હું મૃતકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. મેં અધિકારીઓને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવા નિર્દેશ આપ્યો છે. મેં સ્થાનિક અધિકારીઓ અને જનપ્રતિનિધિઓને સ્થળની મુલાકાત લેવા અને રાહત કામગીરીનું નિરીક્ષણ કરવા કહ્યું છે." કેન્દ્રીય મંત્રી નારા લોકેશે આ ઘટના પર કહ્યું કે, "કાશીબુગ્ગા વેંકટેશ્વર મંદિરમાં થયેલી ભાગદોડ, જેમાં ઘણા ભક્તોના મોત થયા હતા, તે અત્યંત દુઃખદ છે. આ એકાદશી પર એક મોટી દુર્ઘટના હતી. હું મૃતકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. અમારી સરકાર ભાગદોડમાં ઘાયલ થયેલા લોકોને શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડી રહી છે. માહિતી મળતાં જ મેં અધિકારીઓ, જિલ્લા મંત્રી અત્યનાયડુ અને સ્થાનિક ધારાસભ્ય ગૌથુ સિરિશા સાથે વાત કરી હતી. મેં પીડિતોને તાત્કાલિક સહાય આપવાનો આદેશ આપ્યો છે."

### સમુદ્રમાં ચીનની દાદાગીરી વચ્ચે રાજનાથ સિંહનું નિવેદન

## ઈન્ડો-પેસિફિક ખુલ્લો, નિયમો-આધારિત અને બધા માટે સમાન હોવો જોઈએ

**ભારત અને ASEAN વચ્ચેનો સંબંધ ફક્ત વ્યૂહાત્મક નથી, પરંતુ તે સહિયારા મૂલ્યો અને વિશ્વાસ પર આધારિત છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)કુઆલાલંપુર

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મલેશિયાના કુઆલાલંપુરમાં ૧૨મી ASEAN ડિફેન્સ મિનિસ્ટર્સ મિટિંગ પ્લસ (ADMM-પ્લસ) માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેમના સંબોધનમાં, તેમણે જણાવ્યું હતું કે, ભારત તેની સ્થાપનાથી જ ADMM-પ્લસમાં સક્રિય અને રચનાત્મક ભાગીદાર રહ્યું છે. આ પદ્ધતિ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી અને ઈન્ડો-પેસિફિક વિઝનનો અભિન્ન ભાગ છે.




રાજનાથ સિંહે કહ્યું કે, ભારત અને ASEAN વચ્ચેનો સંબંધ ફક્ત વ્યૂહાત્મક નથી, પરંતુ તે સહિયારા મૂલ્યો અને વિશ્વાસ પર આધારિત છે. ૨૦૨૨ માં, ASEAN-ભારત ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં અપગ્રેડ કરવામાં આવી હતી, જે બંને વચ્ચેના સહયોગને ગાઢ બનાવવાનો સંકેત આપે છે. રક્ષા મંત્રીએ જણાવ્યું કે, ભારત ASEAN અને અન્ય દેશો સાથે સંરક્ષણ સહયોગને આ ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને ક્ષમતા નિર્માણમાં યોગદાન તરીકે જુએ છે. ભારતનો દ્રષ્ટિકોણ હંમેશા નિયમો-આધારિત, સમાવિષ્ટ અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર વિશે સ્પષ્ટ રહ્યું છે.

રાજનાથ સિંહે સમુદ્રના કાયદા પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCLOS) ને ટાંકીને કહ્યું કે, ભારત હંમેશા કાયદાના શાસન, નેવિગેશનની સ્વતંત્રતા અને ઓવરફ્લાઈટની સ્વતંત્રતાને સમર્થન આપે છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે, આ કોઈ દેશ વિરુદ્ધ નથી, પરંતુ તમામ પ્રાદેશિક હિસ્સેદારોની સામૂહિક સુરક્ષા માટે છે. તેમણે કહ્યું કે, આજે, પ્રદેશમાં સુરક્ષા પડકારો પરંપરાગત લશ્કરી જોખમો સુધી મર્યાદિત નથી, પરંતુ તેમાં સાયબર સુરક્ષા, દરિયાઈ દેખરેખ, માળખાગત સુરક્ષા અને માનવતાવાદી કટોકટી વ્યવસ્થાપન જેવા નવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ADMM-Plus આ દિશામાં દેશો વચ્ચે વિશ્વાસ બનાવવા માટે એક અસરકારક પ્લેટફોર્મ સાબિત થયું છે.

રાજનાથ સિંહે કહ્યું કે, "ભારત ADMM-પ્લસમાં તેની ભૂમિકાને સહકાર અને ભાગીદારીની ભાવનાથી જુએ છે. અમારો અભિગમ વ્યવહારિક નથી, પરંતુ સિદ્ધાંત-આધારિત અને લાંબા ગાળાનો છે." તેમણે એમ પણ ઉમેર્યું કે, ભારત-પ્રશાંત ક્ષેત્ર ખુલ્લો, સમાવિષ્ટ અને કોઈપણ પ્રકારના દબાણ અથવા બળજબરીથી મુક્ત રહેવું જોઈએ."

રાજનાથ સિંહનું આ નિવેદન મહત્વપૂર્ણ માનવામાં આવે છે, ખાસ કરીને દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની વધતી આક્રમકતા અને અન્ય દેશોની નૌકાદળોને રોકવાના તેના પ્રયાસોને ધ્યાનમાં રાખીને.

### હથિયાર જમા કરાવવા આદેશ કરાયો

## મોકામામાં હાઈપ્રોફાઈલ હત્યાકાંડ બાદ આખરે ચૂંટણી પંચ એક્શન મોડમાં

**મુખ્ય ચૂંટણી કમિશનરે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની વિસ્તૃત સમીક્ષા કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

મોકામામાં થયેલી ચૂંટણી હિંસા અને દુલારચંદ યાદવ હત્યાકાંડના પગલે ચૂંટણી પંચ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું છે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) એ શુક્રવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની વિસ્તૃત સમીક્ષા કરી હતી. સમીક્ષા બાદ પંચે શાંતિ સ્થાપવા માટે કડક દેખરેખ રાખવા જણાવ્યું છે, સાથે જ રાજ્યના અધિકારીઓને ગેરકાયદેસર હથિયારોની જપ્તી તેજ કરવા અને લાયસન્સવાળા હથિયારો જમા કરાવી દેવાનો આદેશ આપ્યો છે.

મોકામામાં થયેલી ચૂંટણી હિંસાને ધ્યાનમાં રાખીને, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)એ શુક્રવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બિહારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરી. બેઠક બાદ પંચે રાજ્ય પ્રશાસનને કડક નિર્દેશો આપ્યા.

પંચે સ્પષ્ટ કહ્યું છે કે, શાંતિપૂર્ણ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે કાયદો અને વ્યવસ્થાનું કડકાઈથી પાલન થવું જોઈએ. આ માટે અધિકારીઓને ગેરકાયદેસર હથિયારોની જપ્તીનું અભિયાન તરત જ તેજ કરવા અને લાયસન્સવાળા હથિયારો જમા કરાવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. બેઠક બાદ પંચ દ્વારા અધિકારીઓને સ્પષ્ટ કાર્ય સોંપવામાં આવ્યું કે કોઈપણ ભોગે ચૂંટણીલક્ષી હિંસા સહન કરવામાં આવશે નહીં.

મોકામામાં દુલારચંદ યાદવની હત્યા બાદ FIRની સંખ્યા સતત વધી રહી છે. ચૂંટણીની અદાવતને પગલે, તાજેતરમાં આરજેડી ઉમેદવાર વીણા દેવીના સમર્થકોએ પંડારક પોલીસ સ્ટેશનમાં વધુ એક FIR નોંધાવી છે. આ ફરિયાદ મુજબ, શુક્રવારે દુલારચંદ યાદવની શબયાત્રા દરમિયાન પંડારકમાં હુલ્લડ થયું હતું, જેમાં વીણા દેવીના કાફલાની ગાડીમાં તોડફોડ કરવામાં આવી હતી. આ મામલે સુમિત, સોનુ અને ગોલુને આરોપી બનાવવામાં આવ્યા છે.

દુલારચંદ યાદવ હત્યાકાંડ અને સંબંધિત ઘટનાઓને લઈને કુલ ચાર FIR નોંધાઈ છે. (ત્રણ ભદૌર પોલીસ સ્ટેશનમાં અને એક પંડારક પોલીસ સ્ટેશનમાં). પહેલી FIR દુલારચંદના પૌત્ર નીરજ કુમારની લેખિત ફરિયાદ પર નોંધાઈ, જેમાં અનંત સિંહ, તેમના બે ભત્રીજા રાજવીર અને કર્મવીર, છોટન સિંહ, કંજય સિંહને નામજોગ આરોપી બનાવવામાં આવ્યા છે. બીજી FIR અનંત સિંહના સમર્થક જિતેન્દ્ર કુમારની ફરિયાદ પર થઈ, જેમાં મોકામાથી જનસુરાજ ઉમેદવાર પ્રિયદર્શી પીયૂષ, લખન મહતો, બાજો મહતો, નીતીશ મહતો, ઈશ્વર મહતો, અજય મહતોને આરોપી બનાવવામાં આવ્યા છે. જયારે ત્રીજી FIR દુલારચંદ યાદવની હત્યાના મામલે પોલીસે પોતાની તરફથી નોંધાવી છે. તેમજ ચોથી FIR પંડારકમાં આરજેડી ઉમેદવાર વીણા દેવીના સમર્થકો સામે શબયાત્રા દરમિયાન થયેલું હુલ્લડ અને તોડફોડને લઈને નોંધાવી છે.

ચૂંટણી પંચે સ્પષ્ટ કહ્યું છે કે, મોકામા જેવી ઘટનાઓને રોકવા માટે અધિકારીઓને ક્ષેત્રમાં સતત દેખરેખ રાખવી પડશે. આ ઉપરાંત પોલીસને નિર્દેશ આપવામાં આવ્યો છે કે ક્ષેત્રમાં હથિયાર રાખનારાઓ અને અસામાજિક તત્વો પર કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરી શકાય.

### ઉદ્યોગપતિ પર ૪૦૦૦ કરોડના કૌભાંડનો આરોપ

## અમેરિકામાં મૂળ ગાંધીનગરના ગુજરાતી ઉદ્યોગપતિ કરોડના કૌભાંડનો આરોપ

**અમેરિકામાં ગુજરાતી મૂળના ઉદ્યોગપતિ બંકિમ બ્રહ્મભટ્ટ પર ૫૦૦ મિલિયન ડોલરના લોન ફ્રોડનો ગંભીર આરોપ**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકામાં ભારતીય મૂળના ટેલિકોમ કંપનીના સીઈઓ બંકિમ બ્રહ્મભટ્ટ પર ૫૦૦ મિલિયન ડોલર (અંદાજે ૪૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ)ના મોટા નાણાકીય કૌભાંડનો આરોપ લાગ્યો છે. વોલ સ્ટ્રીટ જર્નલ (WSJ)ના રિપોર્ટ મુજબ બ્રહ્મભટ્ટે નકલી ગ્રાહક ખાતાઓ અને રાજસ્વના દસ્તાવેજ તૈયાર કરીને અમેરિકી બેંકો પાસેથી ભારે કરજ મેળવ્યું.

બ્રહ્મભટ્ટ બ્રોડબેન્ડ ટેલિકોમ અને બ્રિઝવોઈસ નામની કંપનીઓના માલિક છે. રિપોર્ટ મુજબ તેમણે અનેક રોકાણકારોને એ ખાતરી અપાવી કે તેમના વ્યવસાયોની આવક અને ગ્રાહક આધાર ખુબ મજબૂત છે જયારે વાસ્તવમાં તે અનેક બિનહાજર ગ્રાહકો અને ફેક લેવડદેવડ પર આધારિત હતી.

આ કૌભાંડમાં પ્રમુખ રોકાણ ફર્મ HPS ઈન્વેસ્ટમેન્ટ પાર્ટનર્સ અને વૈશ્વિક એસેટ મેનેજમેન્ટ દિગ્ગજ BlackRock ના સમર્થિત ફંડ પણ સામેલ છે. રિપોર્ટમાં કહેવાયું છે કે ઓગસ્ટ ૨૦૨૪માં લેણદારોએ કેસ દાખલ કર્યો જેમાં આરોપ લગાવવામાં આવ્યો કે બ્રહ્મભટ્ટે બનાવટી ગ્રાહક ખાતું તથા આવક બતાવીને અમેરિકન ધિરાણદારો પાસેથી મોટા પાયે કરજ મેળવ્યું હતું.

HPS એ સપ્ટેમ્બર ૨૦૨૦માં બ્રહ્મભટ્ટની એક કંપનીને કરજ આપવાનું શરૂ કર્યું હતું અને આ રકમ વધીને ધીરે ધીરે ૨૦૨૧ની શરૂઆત સુધીમાં ૩૮૫ મિલિયન ડોલર અને ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૪૩૦ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ. આ કરજનો લગભગ અડધો હિસ્સો BNP Paribas બેંક દ્વારા ફંડિંગ કરાયો હતો. હવે તેમની કંપનીઓએ ઝરટ્ટીિ ૧૧ નાદારી સંરક્ષણ હેઠળ કોર્ટમાં અરજી કરી છે. જે અમેરિકી કાયદા હેઠળ કંપનીઓને ફરી ઊભા થવાની તક આપે છે. આ દિવસે બ્રહ્મભટ્ટે અંગત નાદારીની પણ અરજી દાખલ કરી હતી. રિપોર્ટ મુજબ જ્યારે પત્રકાર ન્યૂયોર્કના ગાર્ડન સિટી સ્થિત તેમની ઓફિસ પહોંચ્યા તો ત્યાં તાળું લટકતું હતું અને પાડોશીઓએ જણાવ્યું કે તેઓ અનેક અઠવાડિયાઓથી જોવા મળ્યા નથી. તપાસ સાથે જોડાયેલા સૂત્રો મુજબ એવી શક્યતા છે કે બ્રહ્મભટ્ટ અમેરિકા છોડીને ભારત આવી ગયા હોય. તેમના વકીલે જોકે તમામ આરોપો પાયાવિહોણા ગણાવ્યાં છે.

અત્રે જણાવવાનું બંકિમ ભટ્ટ મૂળ ગુજરાતના ગાંધીનગરના છે. તેમનો જનમ ગાંધીનગરમાં થયો હતો તથા બંકાઈ જૂથના સંસ્થાપક છે. ત્રણ દાયકાથી ટેલિકોમ ક્ષેત્રે સક્રિય છે.

## કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈ પાકિસ્તાન એજન્ટ: CM સરમા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગુવાહાટી

કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈ પર આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ ફરીથી તીવ્ર પ્રહાર કર્યા છે, જેમાં તેમણે ગોગોઈને પાકિસ્તાની એજન્ટ ગણાવ્યા છે. સરમાએ દાવો કર્યો કે વિદેશી તાકાતોએ પોતાના લાભ માટે તેમને ભારતમાં પ્લાન્ટ કર્યા છે.

પડકાર ફેંકતા સરમાએ કહ્યું કે, જો ગૌરવ ગોગોઈમાં હિંમત હોય તો તેઓ માનહાનિનો કેસ દાખલ કરીને બતાવે.

તેમણે ખાતરી આપી કે ગાયક ઝુબિન ગર્ગના પરિવારને ન્યાય અપાવ્યા બાદ તેઓ આ આરોપો પણ તથ્યો સાથે સાબિત કરી બતાવશે.

સરમાએ સ્પષ્ટપણે કહ્યું, ગૌરવ ગોગોઈ પાકિસ્તાની એજન્ટ છે, અને મારી પાસે તેના પુરાવા છે. તેમને વિદેશી તાકાતો દ્વારા આપણા દેશમાં પ્લાન્ટ કરાયા છે. હું આ વાત તથ્યો સાથે કહી રહ્યો છું અને એક દિવસ તે સાબિત કરી દઈશ.

જણાવી દઈએ કે ગૌરવ ગોગોઈ પર તેમની પત્ની એલિઝાબેથ કોલબર્નના કારણે અગાઉ પણ આરોપો લાગી ચૂક્યા છે.




# તંત્રી લેખ......

## યુદ્ધ અભ્યાસથી ડર્યું પાક

યુદ્ધ અભ્યાસ દરેક સશક્ત દેશ કરતા હોય છે અને તેનો ઉદ્દેશ સૈન્ય તૈયારીઓની સમીક્ષાનો હોય. પડોશી દેશોને એ વિશે આગોતરી જાણ થાય એ સ્વાભાવિક છે. આ વખતે કચ્છના સિરક્રીકથી રાજસ્થાન સુધીના રણવિસ્તારમાં આપણા સૈન્યની ત્રણે પાંખના યુદ્ધ અભ્યાસ ત્રિશૂલ'નું એલાન થતાં જ પાકિસ્તાન ફફડી ગયું છે. ઓપરેશન સિંદૂર દરમ્યાન જગત જાણી ચૂક્યું કે, ભારત સામે પાકિસ્તાનની ઔકાત કેટલી છે. અમેરિકાના બગલબચ્ચા બની ગયેલા વડાપ્રધાન શાહબાઝ શરીફ અને જનરલ મુનીર પરમાણુ બોમ્બની પરોક્ષ ધમકી ભલે આપતા હોય. તેઓ જાણે છે કે, ભારતની ફોજ ફરી સક્રિય થઇ તો તેની સામે બે-ચાર દિવસ માંડ ટકી શકશે. હકીકતમાં પાકિસ્તાનનું મન મેલું છે. ભારતને નુકસાન પહોંચાડવાના એકમાત્ર એજન્ડા પર કાર્યરત એ દેશનું તંત્ર અને સૈન્યને ડર એ જ છે કે, મોદી ક્યાંક ફરી એકવાર લાલઆંખ કરીને ઓપરેશન સિંદૂર પુનર્જીવિત ન કરી દે. પાકિસ્તાન ફરી સુધરવાનું નથી. ઓપરેશન સિંદૂરમાં કારમી હાર મળી છતાં દેશવાસીઓ અને દુનિયાને એ ભ્રમજાળમાં રાખવાની કોશિશ કરી કે, એ જીતી રહ્યું હતું. ભારતને યુદ્ધ રોકવા માટે સમજાવવા અમેરિકી રાષ્ટ્રપતિને આજીજી કરી અને ભારતીય ડીજીએમઓને વિનંતી કરનાર પાકે યુદ્ધ પૂરું થતાં જ લશ્કરી વડા આસિફ મુનીરને લ્રફિલ્ડ માર્શલ'ની પદવીની નવાજેશ કરી. હકીકતમાં પાકિસ્તાની નેતાઓની હંમેશાં એ ફિતરત રહી છે કે, જનતાને ખોટા ભ્રમમાં રાખવી અને કોઈ પણ રીતે ભારત વિરોધના સહારે પોતાની રાજનીતિ જીવંત રાખે. ભારતે યુદ્ધાભ્યાસ લ્રત્રિશૂલ'ની જાહેરાત કર્યા પછી પાકિસ્તાને પોતાની હવાઈ સીમા બંધ કરીને કરાચીથી લાહોર સુધી આકાશી અવાગમનનો માર્ગ જ બદલી નાખ્યો. એટલું જ નહીં અમુક રૂટ બંધ રાખીને બીજા લાંબા ફરી ફરીને જતા રૂટ ખોલ્યા. સંરક્ષણમંત્રી રાજનાથસિંહ, લશ્કરી વડાએ વારંવાર પાકને ધમકીઓ આપી હોવાથી ઈસ્લામાબાદને ભય છે કે કવાયતના ઓઠાં હેઠળ ભારતીય વાયુદળ ક્યાંક પાક પ્રતિષ્ઠાનો પર ત્રાટકે નહીં. દેશની પશ્ચિમ સીમાએ સંયુક્ત યુદ્ધ અભ્યાસમાં લશ્કર, વાયુદળ અને નૌસેનાના ૩૦ હજાર જવાન થારમાં સંયુક્ત અભ્યાસ કરશે. કવાયત ૩૦મી ઓક્ટોબરથી ૧૦મી નવેમ્બર સુધી ચાલવાની છે. જેસલમેરથી સિરક્રીક ક્ષેત્ર પણ તેમાં આવરી લેવાયું છે. પાકિસ્તાન તેનો ભય અને ક્ષોભ ઢાંકવા માટે ઉતાવળે મિસાઈલ પરીક્ષણની વેતરણમાં છે જેથી દેશની જનતાને બતાવી શકે કે, તૈયારી એના તરફથી પણ ચાલે છે. પ્રશ્ન એ છે કે, આર્થિક દેવાળિયાની હાલતમાં પહોંચી ગયેલો દેશ આ બધો ગંજાવર ખર્ચ કઇ રીતે વહન કરશે ? અફઘાનિસ્તાને ખોલેલો મોરચો પણ કસોટીકારક છે. પીએમ શરીફ અને જનરલ મુનીરના બીજિંગ અને ન્યૂયોર્કના આંટાફેરા એટલે જ વધી ગયા છે. દેશ ચલાવવા માટે હાથ લંબાવવામાં તેમને કોઈ બેશર્મી નડતી નથી.

### બ્રિટનમાં ગેરકાયદે રહેતા ૧૦૦ ભારતીયો પાછા ફર્યા

## ટ્રમ્પે ૨૦૨૫માં અલગ અલગ કારણોથી ૨૭૯૦ ભારતીયોને પાછા ધકેલ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા ત્યારથી વિદેશી નાગરિકો તરફ અમેરિકાની પોલિસી બદલાઈ ગઈ છે. વિવિધ માપદંડો પૂરાં ન કરનારા કે અપૂરતા દસ્તાવેજો ધરાવતા સેંકડો વિદેશી નાગરિકોને સ્વદેશ ધકેલી દીધા છે. એમાં હજારો ભારતીયોનો પણ સમાવેશ થાય છે. ૨૦મી જાન્યુઆરીએ ટ્રમ્પે શપથ લીધા ત્યારથી લઈને અત્યાર સુધીમાં ૨૭૯૦ ભારતીય નાગરિકોને સ્વદેશ ધકેલી દીધા છે.ભારત સરકારના વિદેશ મંત્રાલયે જાહેર કરેલાં આંકડાં પ્રમાણે જાન્યુઆરીથી ઓક્ટોબરના અંત સુધીમાં વિવિધ કારણોસર ૨૭૯૦ ભારતીય નાગરિકોને અમેરિકાએ દેશનિકાલ કર્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું કે અમેરિકાના વિવિધ માપદંડોને પૂરા ન કર્યા હોવાથી આ નાગરિકોને દેશનિકાલ કરાયા હતા. ભારત સરકારે તેમનું વેરિફિકેશન કર્યું હતું અને નાગરિકતાની તપાસ કર્યા બાદ તેમને પાછા લવાયા છે.બ્રિટનમાંથી કેટલા નાગરિકોને પાછા ધકેલાયા એવું પૂછવામાં આવતા વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે આ વર્ષે બ્રિટને પણ ૧૦૦ નાગરિકોને સ્વદેશ મોકલ્યા હતા. તેમણે એવું પણ ઉમેર્યું કે નાગરિકોને પાછા લાવવાની પ્રક્રિયામાં બે દેશો વચ્ચે નક્કી કરેલા નિયમોનું પાલન થયું છે. કૂટનૈતિક પ્રક્રિયા પ્રમાણે આ કાર્યવાહી થઈ હતી. ભારત અને અમેરિકા-બ્રિટન-કેનેડા જેવા દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય ભાગીદારીમાં ગેરકાયદે રહેતા ભારતીય નાગરિકોનો મુદ્દો ચર્ચાતો રહે છે. જોકે, થોડા સમયથી ઘણાં દેશોએ સખ્તાઈથી આ દિશામાં કામ કર્યું હોવાથી એમાં ઓટ આવવી શરૂ થઈ છે.અમેરિકામાં ટ્રમ્પ પ્રમુખ બન્યા તેની અસર ગેરકાયદે ઘૂસણખોરીના મુદ્દે થઈ હતી. અમેરિકામાં ટ્રમ્પના શાસનમાં વિદેશી નાગરિકોની ગેરકાયદે ઘૂસણખોરી ઓછી થઈ છે અને એમાં ભારતીયોનો પણ સમાવેશ થાય છે. એક વર્ષ પહેલાં ૯૦૪૧૫ ભારતીયોને ગેરકાયદે ઘૂસણખોરી વખતે પકડી લેવાયા હતા. એક જ વર્ષમાં એ આંકડો ઘટીને ૩૪૧૪૬ થઈ ગયો છે. ભારતીયોની ગેરકાયદે ઘૂસણખોરીમાં ૬૨ ટકાનો ઘટાડો નોંધાયો છે.

## ૬૦ હજાર દવાની બોટલો વચ્ચેથી ૫ હજાર બોટલ દારૂ-બીયર ભરેલી ટ્રક ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના એસજી હાઈવે પર ગોતા બ્રિજ નજીક દારૂ ભરેલી ટ્રક સોલા પોલીસે ઝડપી લીધી છે. આરોપીઓ હરિયાણાથી આ ટ્રકમાં ૬૦ હજાર દવાની બોટલો વચ્ચે દારૂ બીયરની પાંચ હજારથી વધુ બોટલો ભરીને રાજકોટ તરફ જઈ રહ્યા હતા. સોલા પોલીસે બાતમી આધારે ટ્રક સાથે બે આરોપીને ઝડપી લઈ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આ જથ્થો હરિયાણાથી લઈ આવીને રાજકોટ પહોંચાડવાનો હોવાનું જણાયુ છે.વૈષ્ણોદેવી સર્કલથી સરખેજ તરફ દારૂ બીયરનો જથ્થો ભરીને એક ટ્રક પસાર થવાની છે તેવી પોલીસને બાતમી મળી હતી. સોલા પોલીસસ્ટેશનના ઈન્સપેક્ટર કે. એન. ભુકણ અને પીએસઆઇ એસ. જે. દેસાઈની ટીમે ગોતા બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં એક શંકાસ્પદ ટ્રક પસાર થતા પોલીસે તેને થોભાવી હતી. પોલીસે ટ્રકની તપાસ કરતા પહેલાં તો દવાની બોટલોના બોક્સ મળી આવ્યા હતા. જોકે, દવાની બોટલોના બોક્સની આડમાં દારૂ બીયરનો જથ્થો ભરેલા બોક્સ પણ મળી આવતા પોલીસની આંખો પહોળી થઇ ગઇ હતી.


સોલા પોલીસે આરોપી સાદવીન્દરસિંઘ ભુલ્લર અને તરચોલનસિંઘ સંધુ (બંને રહે. પંજાબ)ની ધરપકડ કરી છે. પોલીસે ૩૦.૯૦ લાખની મતાના દારૂ-બીયરની ૫૫૨૦ બોટલ, ટ્રક અને ૬૦ હજાર દવાની બોટલો મળીને કુલ રૂ. ૫૦.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે આરોપીઓની પૂછપરછ કરતા દવાના બોક્સ મહારાષ્ટ્ર માલેગાંવ પહોંચાડવાના હતા.

### ૧૫ દિવસ સુધી એકતાનગરમાં સમગ્ર ભારત અને ભારતીય પરંપરાઓ ભારત પર્વ દ્વારા પુનઃ જીવિત થવાની છે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# એકતાનગરમાં ભારત પર્વ-૨૦૨૫નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક' મંત્રને ભારત પર્વ ઉજાગર કરે છે- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ







મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેચ્યૂ ઑફ યુનિટી પરિસર, એકતાનગર ખાતે ભારત પર્વ-૨૦૨૫નો વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, આદિજાતિ વિકાસ અને અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

અખંડ ભારતના નિર્માતા અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે એકતાનગર ખાતે આ ભારત પર્વનું આયોજન કરવામાં આવ્યુ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો મંત્ર 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક' ને આ ભારત પર્વ ચરિતાર્થ કરે છે. "અનેકતામાં એકતા, એ જ આપણી વિશેષતા"નો ભાવ પ્રદર્શિત કરતી સંસ્કૃતિની ઝલક ભારત પર્વમાં લોકોને મળવાની છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણ દ્વારા સરદાર સાહેબને ઉત્તમ શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબે ૫૬૨ રજવાડાઓના વિલિનિકરણથી એક ભારતનું નિર્માણ કર્યું અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વિકાસના માર્ગે શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરી રહ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણે સૌ સદભાગી છીએ કે, આઝાદીના દશકો બાદ આપણને વડાપ્રધાન તરીકે એક એવું નેતૃત્વ મળ્યું છે જેણે 'સ્વ'નો નહીં સમસ્તનો - રાષ્ટ્રહિત પ્રથમનો જ વિચાર હૈયે રાખ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આઝાદી પછી વર્ષો સુધી સરદાર જયંતિ માત્ર પરંપરાગત બિબાઢાળ સરકારી કાર્યક્રમ બની ગઈ હતી, પરંતુ આપણા મોદી સાહેબ એવા વિઝનરી લીડર છે કે, જે કોઈને ના સૂઝે તે તેમને સૂઝે છે. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતની એકતા માટે આપેલા બહુમૂલ્ય યોગદાનનું યથોચિત ગૌરવ કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સરદાર સાહેબની જન્મ જયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાની પ્રેરણા ૨૦૧૪થી મોદી સાહેબે દેશવાસીઓને આપી છે. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબના વિરાટ કાર્ય જેટલી જ વિરાટ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી આ વનવાસી પ્રદેશ વિશ્વના નકશામાં ચમક્યો છે. એ જ વ્યવસ્થાઓ, એ જ તંત્ર છતાં જો આગવું વિઝન હોય તો સ્થિતિ કેવી બદલી શકાય તે મોદી સાહેબે એસ.ઓ.યુ. અને એકતાનગરના નિર્માણથી પુરવાર કર્યું હોવાનું જણાવ્યું હતું.

ભારત પર્વ અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ પર્વમાં દરરોજ સાંજે બે-બે રાજ્યોની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરવામાં આવશે. ૪૫ ફૂડ સ્ટોલ અને એક લાઇવ સ્ટુડિયો કિચનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વાનગીઓ પીરસાશે.

આ ઉપરાંત ૫૫ હસ્તકલા અને હેન્ડલૂમ સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યાં છે. અહીં ભારત દર્શન પેવેલિયનમાં વિવિધ રાજ્યોના પેવેલિયન બનાવવામાં આવ્યા છે, જેમાં તે રાજ્યોના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો અને સાંસ્કૃતિક વિશેષતાઓને દર્શાવવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાજીની પણ આ વર્ષે ૧૫૦મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે તેના ઉપલક્ષ્યમાં એકતાનગર ખાતે ૧૫ નવેમ્બર બિરસા મુંડા જયંતિએ વિશેષ પ્રસ્તુતિ યોજાશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે, એક ભારત-શ્રેષ્ઠ ભારત જેમ જ અનેકતામાં એકતાની ભાવના આપણા ઉત્સવો-તહેવારોમાં પણ સાકાર થાય છે. ગુજરાતના નવરાત્રી – ગરબા, મહારાષ્ટ્રનો ગણપતિ ઉત્સવ, બિહારીઓની છઠ પૂજા કે પશ્ચિમ બંગાળની દૂર્ગા પૂજા ઉત્સવ આ બધા જ ઉત્સવો દેશમાં જ્યા જ્યાં આ રાજ્યોના મૂળ વતની પરિવારો રોજીરોટી માટે આવીને વસ્યાં છે ત્યાં સૌ સાથે મળીને ઉજવે છે.

તેમણે ઉમેર્યુ કે, શ્રી નરેન્દ્રભાઈની પ્રેરણાથી માધવપૂરનો મેળો રાષ્ટ્રીય એકતાનું પ્રતીક બન્યો છે. આ મેળો પૂર્વોત્તર રાજ્યો અને પશ્ચિમ ભારતને જોડે છે. તેમના માર્ગદર્શનમાં સૌરાષ્ટ્ર-તમિલ સંગમ, કાશી તમીલ સંગમની ઉજવણીથી ભારતની એકતા અને અખંડિતતા વધુ મજબૂત થઈ છે. તેને આ ભારત પર્વ ઉજાગર કરે છે.

એટલું જ નહીં દેશના રાજ્યોના રાજભવનોમાં પણ જુદા જુદા રાજ્યોના સ્થાપના દિવસની લોકોના સંગે ઉજવણીથી એક ભારત - શ્રેષ્ઠ ભારતની ભાવના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાકાર કરાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, હવે આ ભારત પર્વ દ્વારા ૧૫ દિવસ સુધી એકતાનગરમાં સમગ્ર ભારત અને ભારતીય પરંપરાઓ પુનઃ જીવિત થવાની છે. વિકાસ ભી, વિરાસત ભીની વડાપ્રધાનશ્રીની સંકલ્પના સાચા અર્થમાં પાર પડશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને એકતાનગર વિશ્વ કક્ષાનું પ્રવાસન કેન્દ્ર બને તે માટેનું વિઝન આપ્યું છે. સરદાર સાહેબની પ્રતિમાની સાથે સાથે અનેક પ્રવાસન આકર્ષણ આયામો જોડ્યાં હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટેનો પણ સંકલ્પ કર્યો છે. આ માટે સરદાર સાહેબના ચીંધ્યા એકતાના માર્ગ પર ચાલીને સ્વદેશીને અપનાવવા આહવાન કર્યું હતુ. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ભારત પર્વના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. આ અવસરે સાંસદશ્રી જશુભાઈ રાઠવા, ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીમસિંહ તડવી, એસ.એસ.એન.એલ.ના એમ.ડી.શ્રી મુકેશ પુરી, પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર, ટુરિઝમ કોર્પોરેશનના એમ.ડી. શ્રી પ્રભવ જોષી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના સી.ઈ.ઓ.શ્રી અમિત અરોરા, ટ્રાયબલ ડેવલપમેન્ટ કમિશનર શ્રી આશિષકુમાર, જિલ્લા કલેકટરશ્રી એસ. કે.મોદી, ડી.ડી.ઓ.શ્રી આર.બી.વાળા, પોલીસ મહાનિદેશકશ્રી સંદીપ સિંહ, જિલ્લા પોલીસ વડાશ્રી વિશાખા ડબરાલ, **SOU**ના અધિક કલેકટરશ્રી ગોપાલ બામણીયા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## આઈટી કંપની મેનેજરે રૂપિયા કમાવાની લાલચે ટાસ્ક રમી ૧૩ લાખ ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ના મરે તે કહેવતને યથાર્થ કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાણીપમાં રહેતા આઈટી કંપની મેનેજરે રૂપિયા કમાવાની લાલચે રૂ.૧૩ લાખ ગુમાવ્યા હતા. જેમાં સાયબર ગઠિયાએ ટાસ્ક આપીને પ્રથમ ક્રિપ્ટોમાં રૂ. ૧૦૦૦ રોકાણ કરાવીને રૂ. ૧૪૦૦ આપ્યા હતા. ત્યારબાદ ડબલની લાલચ આપી લાખો રૂપિયા ભરાવીને સાયબર ગઠિયાએ છેતરપીંડી કરી હતી.રાણીપના યુવકે ક્રિપ્ટોમાં રૂ. ૧૦૦૦ રોકાણ કરતા રૂ.૧૪ ૦૦ આપ્યા બાદ ડબલની લાલચે છેતરાયાન્યું રાણીપમાં રહેતા અને આઈટી મેનેજર તરીકે નોકરી કરતા યુવકે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ટેલીગ્રામ યુઝર પ્રિયંકા અરોરા સામે ફરિયાદ નોંધાવી છે કે તા. ૯ એપ્રિલના રોજ આરોપીએ રૂપિયાની કમાણી કરવા ટાસ્ક આપવા માટે મેસેજ કર્યો હતો.જેથી પ્રથમ આપેલો ટાસ્ક પૂરો કરતા રૂ.૩૦૦ આપ્યા હતા બાદ લિંક મોકલીને યુવકનું એકાઉન્ટ બનાવીને રૂ. ૧૦૦૦ ક્રિપ્ટોમાં રોકાણ કરાવીને તેની સામે રૂ. ૧૪૦૦ આપીને વિશ્વાસ કેળવ્યો હતો. બીજા ટાસ્ક ગુગલ પર રેટિંગ આપવાના ટાસ્ક આપ્યા હતા. ફરીથી ક્રિપ્ટોમાં રૂ.૫૦૦૦ ભરાવીને રૂ.૬૦૦૦ હજાર હતા. ત્યારબાદ બીજા રૂપિયા ભરવાથી ફાયદો થશે તેમ કહીને જુદા જુદા એકાઉન્ટમાં કુલ રૂ.૧૩ લાખ ભરાવડાવીને આજ દિન સુધી પરત આપ્યા જ નહી.

### શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ઉહાપોહ

# ક્રેનમાં ફસાયા ભાજપના સાંસદ, ગુસ્સામાં કર્મચારીને લાફો ઝીંકી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી નિમિત્તે મધ્યપ્રદેશના સતનામાં થયેલો વિવાદ સામે આવ્યો છે. શુક્રવારે આયોજિત કાર્યક્રમમાં ક્રેનમાં બેઠેલા સતનાના સાંસદ ગણેશ સિંહને ઝટકો લાગ્યો, તો તેઓ ઓપરેટર પર ભડકી ગયા અને તેને સૌની સામે થપ્પડ મારી દીધી. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. સાંસદ ગણેશ સિંહે સવારે 'રન ફોર યુનિટી'માં ભાગ લીધો હતો. ત્યારબાદ તેઓ સેમરિયા ચોક પહોંચ્યા, જ્યાં તેમણે ક્રેનના હાઈડ્રોલિક બોક્સમાં ચઢીને હાર પહેરાવ્યો હતો. જેમાં નીચે આવતી વખતે, મશીન અચાનક ઝટકા સાથે વચ્ચે અટકી ગયું. સાંસદ થોડીવાર હવામાં જ લટકેલા રહ્યા. મશીન હલ્યું તો અસંતુલનની સ્થિતિ બની ગઈ. આ અસહજ સ્થિતિથી નારાજ થઈને સાંસદે ઓપરેટરને લાફો ઝીંકી દીધો, જેની વીડિયો ફૂટેજ હાલમાં વાઈરલ થઈ રહી છે. ઘટના સમયે સ્થળ પર ભાજપ કાર્યકર્તાઓ અને પ્રશાસનિક અધિકારીઓ સાથે મોટી સંખ્યામાં નાગરિકો હાજર હતા. તેમાંથી કોઈએ મોબાઈલથી સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી લીધો.ક્ષમતા બે લોકોની અને કેબિનમાં ત્રણ લોકો ચઢ્યાઃ ઓપરેટર

ઓપરેટરે આ અંગે જણાવ્યું કે, હાઈડ્રોલિક ક્રેનના કેબિનની મહત્તમ ક્ષમતા ફક્ત બે લોકોની છે અને તે સરેરાશ ૧૨૫ કિલો વજન સુધી સહન કરી શકે છે. જ્યારે માલ્યાર્પણ માટે રાજ્યમંત્રી પ્રતિમા બાગરી, સાંસદ ગણેશ સિંહ અને ભાજપ જિલ્લા અધ્યક્ષ ભગવતી પાંડેય એકસાથે કેબિનમાં ચઢ્યા, ત્યારે જ વજન વધુ હોવા અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. કુશવાહાએ કહ્યું કે માલ્યાર્પણ કરાવ્યા પછી કેબિન નીચે લાવવામાં આવી. રાજ્યમંત્રી પ્રતિમા બાગરી આસાનીથી ઉતરી ગયાં, પરંતુ સાંસદ ગણેશ સિંહને ઉતરવામાં મુશ્કેલી પડી. સમર્થકોના કહેવા પર કેબિનને વધુ નીચે લાવવામાં આવ્યું તો ઝટકો લાગી ગયો. થપ્પડ મારવાની વાતને તેમણે સહજ અંદાજમાં લેતા કહ્યું કે, 'આ બધું ચાલ્યા કરે.' કોંગ્રેસે આ ઘટનાને આપત્તિજનક ગણાવી છે. પાર્ટીના પ્રદેશ પ્રવક્તા અભિનવ બરૌલિયાએ કહ્યું, 'સાંસદ દ્વારા કર્મચારીને થપ્પડ મારવી એ દર્શાવે છે કે ભાજપના નેતાઓ કઈ રીતે દંભ અને અહંકારમાં છે. આ બતાવે છે કે ભાજપ જનતાની અને કોઈની નથી, ફક્ત અહંકારની છે.'

### બે દાયકાના યાદગાર કરિયરનો અંત

## રોહન બોપન્નાએ ટેનિસથી નિવૃત્તિની જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ટેનિસના દિગ્ગજ ખેલાડી રોહન બોપન્નાએ પ્રોફેશનલ ટેનિસમાંથી નિવૃત્તિની સત્તાવાર જાહેરાત કરી છે. તેમણે પેરિસ ઓલિમ્પિકમાંથી બહાર થયા બાદ હવે એમેચ્યોર ટેનિસમાંથી નિવૃત્તિ લીધી છે, જ્યાં ખેલાડી દેશનું પ્રતિનિધિત્વ કરે છે. બોપન્નાએ શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **X** પર એક પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી, જેમાં તેમણે પોતાના ૨૦ વર્ષના લાંબા કરિયરનો અંત જાહેર કર્યો.બોપન્નાએ તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં પોસ્ટ શેર કરતા લખ્યું કે, "આ અલવિદા નથી, આ આભાર છે. જે વસ્તુએ મારા જીવનને અર્થ આપ્યો, તેનાથી વિદાય કેવી રીતે લઉં? ૨૦ વર્ષ પછી, હવે સમય આવી ગયો છે કે, હું સત્તાવાર રીતે મારા રેકેટને મૂકી દઉં. કૂર્ગમાં મારી સર્વને મજબૂત કરવા માટે લાકડા કાપવાથી લઈને વિશ્વના સૌથી મોટા એરેનાની લાઇટમાં ઊભા રહેવાનો અનુભવ અવિશ્વસનીય લાગે છે. ભારતનું પ્રતિનિધિત્વ કરવું એ મારા જીવનનું સૌથી મોટો સન્માન રહ્યું છે. જ્યારે પણ હું કોર્ટ પર ઉતર્યો, ત્યારે મેં તિરંગા, તેની લાગણી અને તે ગર્વ માટે રમ્યો. હું સ્પર્ધામાંથી દૂર જઈ રહ્યો છું, પરંતુ ટેનિસ સાથેની મારી કહાણી પૂરી નથી થઈ અને હવે હું યુવા ખેલાડીઓને ટેનિસમાં આગળ વધવા માટે મદદ કરવા માંગુ છું." બોપન્ના આ વર્ષે ૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ **ATP** રેકિંગમાં વિશ્વના નંબર-૧ મેન્સ ડબલ્સ ખેલાડી બન્યા હતા. તે સમયે તેઓ ૪૩ વર્ષના હતા. આ ઉંમરે નંબર-૧ બનનાર તે સૌથી ઉંમરલાયક ખેલાડી છે. હાલમાં તેમની **ATP** રેકિંગ ૪ છે.

ગ્રાન્ડ સ્લેમઃ ૪૫ વર્ષીય આ જમણેરી ખેલાડીએ પોતાના ૨૦ વર્ષના પ્રોફેશનલ કરિયરમાં ૨ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યા છે.

ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૪: તેમણે આ વર્ષની શરૂઆતમાં ૪૩ વર્ષ અને નવ મહિનાની ઉંમરે મેથ્યુ એબ્ડેન સાથે ઓસ્ટ્રેલિયન ઓપન ડબલ્સ ટાઇટલ જીત્યું હતું, જેના કારણે તેઓ ઓપન એરામાં ગ્રાન્ડ સ્લેમ જીતનાર સૌથી ઉંમરલાયક ખેલાડી બન્યા હતા.

ફ્રેન્ચ ઓપનઃ તેમણે ૨૦૧૭માં મિક્સ્ડ ડબલ્સમાં પણ ફ્રેન્ચ ઓપન જીત્યું હતું.

નિવૃત્તિ પહેલાની મેચઃ બોપન્નાનો છેલ્લો પ્રોફેશનલ મેચ પેરિસ માસ્ટર્સ ૧૦૦૦માં હતો, જ્યાં તેમણે એલેક્ઝાન્ડર બુબ્લિક સાથે જોડી બનાવી હતી.

### ટીમ ઈન્ડિયાને એશિયા કપની ટ્રોફી મળી નથી

## એશિયા કપ ટ્રોફી અંગે BCCI એ નકવીને આપી ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ

ટીમ ઈન્ડિયાએ દુબઈમાં ૨૮ સપ્ટેમ્બરના રોજ ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને એશિયા કપ ૨૦૨૫નો ખિતાબ જીત્યો હતો, પરંતુ મહિનાઓ વીતી જવા છતાં હજી સુધી ભારતને ટ્રોફી મળી શકી નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ **(PCB)** ના અધ્યક્ષ મોહસિન નકવી ટ્રોફી પોતાની પાસે રાખી રહ્યા છે અને ભારતને સોંપવા અંગે નાટક કરી રહ્યા છે. જોકે, હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ **(BCCI)** ને આશા છે કે મોહસિન નકવી એશિયા કપની ટ્રોફી એક કે બે દિવસમાં ટીમ ઈન્ડિયાને સોંપી દેશે. પરંતુ જો આમ નહીં થાય તો **BCCI** એ નકવી વિરુદ્ધ એક મોટું પગલું ભરવાની તૈયારી કરી લીધી છે.

**BCCI** એ એશિયા કપ ટ્રોફી અંગે **PCB** અને **ACC** ચેરમેન મોહસિન નકવીને ચેતવણી આપી છે. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયા એ સ્પષ્ટ કહ્યું છે કે જો ૪ નવેમ્બર સુધીમાં એશિયા કપની ટ્રોફી તેના અસલી હકદાર એટલે કે ટીમ ઈન્ડિયા સુધી નહીં પહોંચે તો તેઓ આ મુદ્દો દુબઈમાં યોજાનારી **ICC**ની બેઠક માં ઉઠાવશે. રિપોર્ટ મુજબ, દેવજીત સૈકિયાએ કહ્યું, "અમને નિરાશા છે કે એક મહિનો વીતી જવા છતાં પણ ટ્રોફી અમને સોંપવામાં આવી નથી."

સૈકિયાએ આગળ એ પણ જણાવ્યું કે, "લગભગ ૧૦ દિવસ પહેલા અમે એશિયન ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષ મોહસિન નકવીને એક પત્ર લખીને ટ્રોફી ભારતને સોંપવાની માંગ કરી હતી, તેમ છતાં તેમના વલણમાં કોઈ ફેરફાર આવ્યો નથી. હજી પણ ટ્રોફી તેમની પાસે છે, પરંતુ અમને આશા છે કે એક-બે દિવસમાં ટ્રોફી મુંબઈ સ્થિત બીસીસીઆઈના હેડ ઓફિસ પહોંચી જશે." સૈકિયાએ એ પણ કહ્યું કે "બીસીસીઆઈ તરફથી અમે આ મામલાને નિપટવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ અને હું ભારતના લોકોને ખાતરી આપી શકું છું કે ટ્રોફી ભારત પાછી આવશે, બસ સમય મર્યાદા નક્કી નથી. પણ એક દિવસ ટ્રોફી આવશે."

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે એશિયા કપનો ખિતાબ જીત્યા પછી **PCB** ચીફ મોહસિન નકવીના હાથમાંથી ટ્રોફી લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. પરંતુ નકવી પોતાના હાથે જ ટ્રોફી આપવા માટે અડગ રહ્યા અને ટ્રોફી પોતાની સાથે લઈને જતા રહ્યા. આ પછી નકવીએ ટ્રોફીને દુબઈમાં **ACC** ના મુખ્યાલયમાં લોક કરાવી દીધી હતી. જોકે, થોડા દિવસો પહેલા સમાચાર આવ્યા હતા કે નકવીએ ટ્રોફીને **ACC** ઓફિસમાંથી હટાવીને અબુ ધાબીમાં કોઈ અજ્ઞાત જગ્યાએ રખાવી દીધી છે. બીસીસીઆઈની ચેતવણી છતાં નકવી પોતાની જીદ પર અડગ છે કે ટ્રોફી ભારતને તે પોતે જ પોતાના હાથે સોંપશે. જણાવી દઈએ કે, એશિયા કપ ૨૦૨૫માં ટીમ ઈન્ડિયાએ ફાઈનલ સહિત ત્રણ વખત પાકિસ્તાનને ખરાબ રીતે હરાવ્યું હતું. વળી, ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને ૫ વિકેટે હરાવીને ખિતાબ પોતાના નામે કર્યો હતો.


ગરવી ગુજરાત




- એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### અનંત અનાદિ વડનગરઃ ગુજરાત સરકારની ક્રાંતિકારી પહેલ

# વડનગરમાં દેશના પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌચર પાર્કના નિર્માણની તૈયારી, રૂા.૧૫ કરોડનો પ્રોજેક્ટ બનશે વૈશ્વિક મૉડલ

### વારસો-સંસ્કૃતિ-પ્રવાસન-અર્થતંત્રનો સંગમઃ માત્ર ગૌશાળા નહીં, અત્યાધુનિક ગ્રામીણ પ્રયોગશાળા બનશે વૃંદાવન ગૌચર પાર્ક

ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું ઐતિહાસિક શહેર વડનગર હવે ઈંટીગ્રેટેડ એન્ડ હોલિસ્ટિક ડેવલપમેન્ટ સંબંધિત વિવિધ પ્રોજેક્ટ્સ સાથે મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળ બનવા જઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર છેલ્લાં કેટલાંક વર્ષોથી વડનગરને 'અનંત અનાદિ વડનગર'ના વિઝન સાથે વૈશ્વિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે પ્રયાસશીલ છે, જેના ભાગરૂપે રાજ્ય સરકાર ક્રાંતિકારી પહેલ શરૂ કરવા જઈ રહી છે. વડનગરમાં દેશના પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌચર પાર્કનું નિર્માણ કરવામાં આવશે, જે એક વૈશ્વિક મૉડલ બનશે. ગૌચર પાર્કના નિર્માણ બાદ ગૌપ્રેમી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું જન્મસ્થળ વડનગર ગૌસેવાના તીર્થધામ તરીકે પ્રખ્યાત થશે. આ પાર્ક એક ગૌશાળા ઉપરાંત અત્યાધુનિક ગ્રામીણ પ્રયોગશાળા પણ બનશે.

વડનગર ખાતે લગભગ રૂા.૧૫ કરોડના ખર્ચે વૃંદાવન ગૌચર પાર્કનું થશે નિર્માણ

લગભગ રૂા.૧૫ કરોડના ખર્ચે પ્રસ્તાવિત વૃંદાવન ગૌચર પાર્ક પ્રોજેક્ટના નિર્માણ માટે નગર પાલિકા અને જિલ્લા સ્તરથી લઈને રાજ્ય સ્તરે શહેરી વિકાસ વિભાગ તરફથી કવાયત શરૂ થઈ ગઈ છે. રાજ્ય સ્તરે ગુજરાત શહેરી વિકાસ કંપની (GUDC) આ પ્રોજેક્ટ માટે નોડલ એજન્સી હશે, જ્યારે જમીન સંપાદન સહિતની સમગ્ર નિર્માણ પ્રક્રિયા જિલ્લા સ્તરે અને નગરપાલિકા સ્તરે કરવામાં આવશે.

ક્યાં બનશે વૃંદાવન ગૌચર પાર્ક?

રાજ્ય સરકારે વડનગરની પ્રાચીન-ઐતિહાસિક સંસ્કૃતિ અને પુરાતત્વીય અવશેષોને વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે અનેક પ્રોજેક્ટ્સ અને કાર્યક્રમો શરૂ કર્યા છે. આ સાથે જ, શહેરની વર્તમાન સમસ્યાઓના નિવારણને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ અંતર્ગત રખડતી ગાયોની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાના ઉદ્દેશ્ય સાથે અમરથોલ ક્ષેત્રમાં ગૌરીકુંડ નજીક ભવ્ય વૃંદાવન ગૌચર પાર્કના વિકાસની પરિકલ્પના કરવામાં આવી છે.

વૃંદાવન ગૌચર પાર્કનો એક પર્યટન સ્થળ તરીકે વિકાસ થશે

આ પાર્કમાં ગાયો માટે ગૌચરને અનુરૂપ ઘાસચારો અને પાણીની વ્યવસ્થા હશે તેમજ પશુઓની સ્વાસ્થ્ય સંભાળ માટે વેટરનરી હૉસ્પિટલ પણ બનાવવામાં આવશે. આ પાર્ક સીસીટીવી કૅમરા સર્વેલન્સથી સજ્જ હશે. પાર્કમાં મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ તથા અતિક્રમણ અટકાવવા માટે પ્રોટેક્શન વૉલનું પણ નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત, પાર્કમાં ગાયોની સારી ઓલાદોના ઉછેરનો પણ પ્રયાસ કરવામાં આવશે. આ તમામ પહેલથી વૃંદાવન ગૌચર પાર્ક એક પર્યટન સ્થળ પણ બનશે.

વૃંદાવન ગૌચર પાર્ક બનશે ગાય આધારિત ગ્રામીણ વિકાસનું આદર્શ મૉડલ

વૃંદાવન ગૌચર પાર્કનું વિઝન માત્ર ગાયો સુધી સીમિત ન રહેતાં, તે ગાય આધારિત ગ્રામીણ વિકાસનું આદર્શ મૉડલ બનશે. આ પ્રોજેક્ટમાં 'ગાયથી ગામ'ની કાયાપલટનું અભૂતપૂર્વ વિઝન છે, જે ગ્રામીણ અર્થતંત્રમાં એક નવી ક્રાંતિ લાવશે. આ માત્ર એક ગૌશાળા નહીં, પણ એક સંપૂર્ણ ગ્રામીણ પ્રયોગશાળા અને સાંસ્કૃતિક પ્રવાસન કેન્દ્ર પણ હશે, જ્યાં પરંપરા અને ટેક્નોલૉજીનો સંગમ થશે. પાર્કને 'રૂરલ ઈનોવેશન હબ' તરીકે વિકસિત કરવામાં આવશે. રાજ્ય સરકાર આ પ્રોજેક્ટ દ્વારા ગાયથી લઈને ગામ, ખેડૂત, પશુપાલક સુધી દરેકના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવાની યોજના ધરાવે છે.

ડેરી વિકાસ, રોજગાર અને મહિલા સશક્તિકરણને મળશે વેગ

આ પ્રોજેક્ટ અંતર્ગત સમયસર સારવારના કારણે પશુ આરોગ્યમાં સુધારો, સારા પોષણના કારણે ગાયોની ઉત્પાદકતામાં વૃદ્ધિ, ખેડૂતોની આવકમાં વધારો, દૂધ અને ડેરી ઉત્પાદનોના વેચાણ દ્વારા પશુપાલકોને સીધો આર્થિક લાભ થવાની ધારણા છે. આ પ્રોજેક્ટથી પશુચિકિત્સા, ડેરી ઉદ્યોગ, પરિવહન વગેરેમાં નવા કાર્યો દ્વારા રોજગારીની તકો ઊભી થશે, બાયોગેસ અને જૈવિક ખાતર દ્વારા જમીનની ફળદ્રુપતામાં વધારો થશે અને ડેરી ઉત્પાદન અને સહકારીમાં મહિલાઓની સક્રિય ભાગીદારીને કારણે મહિલા સશક્તિકરણને પણ વેગ મળશે.

વારસો-સંસ્કૃતિ-પ્રવાસન-અર્થતંત્રનો સંગમ

આ ગૌચર પાર્ક વડનગરના પ્રાચીન મંદિરો, વાવ, ઐતિહાસિક કિલ્લા અને વારસાને ઉજાગર કરીને એક નવા પ્રવાસન પરિપથનું નિર્માણ કરશે. પ્રવાસીઓ અહીં આવીને ગ્રામીણ જીવન, પશુપાલનની આધુનિક તકનીકો અને પર્યાવરણને અનુકૂળ ઊર્જા ઉત્પાદનને નજીકથી જોઈ શકશે. આ સ્થળ 'કૃષિ-પર્યટન' અને 'સાંસ્કૃતિક પર્યટન'નું નવું કેન્દ્ર બનશે. પાર્કમાં સ્થાનિક કારીગરો, હસ્તકલા અને પરંપરાગત ભોજન માટે બજારો અને પ્રદર્શનોનું આયોજન શક્ય બનશે, જેનો સીધો લાભ સ્થાનિક અર્થતંત્રને થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'ગ્રામોદયથી ભારત ઉદય'ના વિઝનને અનુરૂપ આ પ્રોજેક્ટના માધ્યમથી ગુજરાત સમગ્ર દેશને સંદેશ આપશે તે ગાય માત્ર ધાર્મિક શ્રદ્ધાનું પ્રતીક નથી, પરંતુ આર્થિક, પર્યાવરણીય અને સામાજિક પરિવર્તનનું પ્રેરક બળ પણ છે. વૃંદાવન ગૌચર પાર્ક માત્ર વડનગર માટે સુવિધા નહીં, પરંતુ શહેરની એક નવી ઓળખ બનશે, જ્યાં ઈતિહાસ, સંસ્કૃતિ, વિકાસ અને નવીનતાનો સંગમ જોવા મળશે.

# ખેડુતો ઉમટી પડયા ગાંધીનગરમાંઃ સરકારને ૪ દિવસનુ આપ્યુ અલ્ટીમેટમ : સહાય નહી મળે તો થશે ઉગ્ર આંદોલન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતના માથે કમોસમી વરસાદનુ સંકટ યથાવત છે. માવઠાથી ખેડુતોની મુશ્કેલી વધી છે. ઉભા પાકને નુકશાની સર્જાઈ છે. સતત પડી રહેલા વરસાદથી ખેતરમાં જ પાક ધોવાઈ ગયા છે. માવઠાથી ખેડુતોએ કરેલા ખર્ચ અને મહેનત પાણીમાં ગઈ છે અને હજુ પણ માવઠાનુ સંકટ મંડળાઈ રહ્યુ છે. આવામાં ગુજરાતના ખેડુતો સરકાર પાસે સહાયની મદદ માંગી રહ્યા છે. ખેડુતોનો દબાયેલો અવાજ આજે ગાંધીનગર પહોચ્યો હતો. કમોસમી વરસાદને પગલે ખેડુતોમાં દેવા માફીની માંગણી કરવામાં આવી છે.

કમોસમી વરસાદના કારણે થયેલ નુકશાન બાબતે ખેડુતો રોષે ભરાયા છે. ત્યારે ૭ ગામના ખેડુતો આજે શનિવારે કલેકટર કચેરીએ પહોચ્યા હતા. ખેડુતો ઢોલ નગારા સાથે કલેકટર કચેરીએ પહોચ્યા હતા.

ખેડુતોએ ચીમકી આપી હતી કે જો સરકાર ખેડુત બાબતે નિર્ણય નહી લે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. અમે નેશનલ હાઈવે નં. ૮ બ્લોક પણ કરવાની ફરજ પડશે તો અમે કરીશુ, ખેડુતોએ સરકારને ૪ દિવસનુ અલ્ટીમેટમ આપ્યુ છે. સાથે જ શાકભાજીની તમામ માર્કેટ બંધ કરવાની પણ ખેડુતોએ ચીમકી ઉચ્ચારી છે. તાત્કાલીક સર્વે કરવાની માંગ સાથે ગાંધીનગર જિલ્લાના છાલા ગામના ખેડુતોએ કલેકટરને રજુઆત કરી હતી.

ગુજરાતના મોટા ભાગના ખેડુતો અત્યારે પાયમાલી તરફ છે, અરબસાગરમાં સર્જાયેલા ડીપ્રેશનના કારણે રાજયભરમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. એવામાં પાકને નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. મહામહેનતે પકવેલો પાક હવે પાણી પાણી થઈ ગયો છે. જગતના તાત માટે સમસ્યા એ જ છે કે શું ખાવુ અને શુ વેચવું ? અમદાવાદના જેતલપુર ગામમાં રહેતા અંકિત પટેલે અઢી વિઘામાં ડાંગરનો પાક લીધો હતો તેમણે વિઘા દીઠ ૨૦ હજારની લોન લઈને પાક લીધો હતો પણ કમોસમી વરસાદના કારણે સમગ્ર પાક પડી ગયો છે.

હવે તેમના ઘરમાં અનાજ આવે તેટલી પણ આવક આવવાની નથી , અંકિત પટેલ કુટુંબના ૪ સભ્યોમાં ૧ માત્ર કમાનાર વ્યકિત છે. તેમની ૨ દીકરીઓને તેઓ ભણાવવા માંગે છે પણ સતત ૩ દિવસથી કમોસમી વરસાદના કારણે પાક ધોવાઈ રહ્યો છે. છેલ્લા ૩ દિવસથી પાયમાલી ભોગવી હવે કંટાળી ચુકયા છે. તેમણે કહ્યુ છે કે કુદરત તો તેમનાથી રીસાઈ છે એવામાં એક માત્ર અપેક્ષા તેઓ સરકાર સાથે રાખી રહ્યા છે.

# રાજયના વકીલો માટે મહત્વના કેટલાક ફેરફારો કરાયા : રાજયની તમામ ડીસ્ટ્રીકટ કોર્ટમાં કાગળની સાઈઝ, ફોન્ટ અને માર્જીન બદલાયા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક પરીપત્ર જાહેર કરી હવેથી રાજયની તમામ જિલ્લા અદાલતો / કોર્ટોમાં તમામ પ્રકારની પીટીશન, એફીડેવીટ, એપ્લીકેશન, ઓર્ડર, જજમેન્ટ વગેરે એ-૪ સાઈઝના પેપર પર જ દાખલ કરવાના રહેશે. રાજયની તમામ જિલ્લા અદાલતો માટે લાગુ પાડવામાં આવેલ આ નિયમની અમલવારી ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી કરવી પડશે, એ-૪ સાઈઝના પેપર સાથે આ બાબતનુ પણ ધ્યાન રાખવુ પડશે, પરીપત્રમાં ચોકકસ એ-૪ સાઈઝના પેપરના ઉપયોગની સાથે સાથે તેની કવોલીટી, ગુજરાતી ફોન્ટ, અંગ્રેજી ફોન્ટ, લાઈન સ્પેસીંગ સહિતની બાબતોનો પણ ખાસ ઉલ્લેખ કરાયો છે. તેથી તેની આ નિયમ અનુસાર અમલવારી કરવાની રહેશે. પેપર વિગત જોઈએ તો એ-૪ સાઈઝ (૨૯.૭ સે.મી.ટ ૨૧ સેમી.) કવોલીટી ઓછામાં ઓછી ૧૫ જીએસએમ પ્રકારની હોવી જોઈએ. બંને બાજુ પ્રિન્ટીંગ શકય રહેશે, ગુજરાતી ફોન્ટ એમએલજી અરૂણ-ટેરા ફોન્ટ, અરૂણ (ફોન્ટ) સાઈઝ-૧૬, લાઈન સ્પેસીંગ ૧.૫ (કવોટેશન અને ઈન્ડેન્ટ માટે )ઉપરાંત ડાબે-જમણે ૪.સે.મી. નુ અને ઉપર-નીચે ૨ સે.મી.નુ માર્જીન રાખવાનુ રહેશે. ગુજરાત રાજયની તમામ જિલ્લા અદાલતોમાં એ-૪ સાઈઝના પેપર સહિતની ઉપરોકત નિયમો અને નિર્દેશોની ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી અમલવારી કરવાની રહેશે.

નીચલી કોર્ટમાં અત્યાર સુધી લીગલ સાઈઝ, એ-૪ સાઈઝ સિવાયની મોટી સાઈઝમાં પણ ફાઈલીંગ થતુ હતુ, પીટીશનની મુખ્ય કોપી લેજર પેપર પર થતી હતી , કોઈપણ અરજી કે ફરીયાદ તથા સોગંદનામા કોઈપણ સાઈઝમાં ફાઈલ થઈ શકતા હતા. જો કે હવે હાઈકોર્ટના પરીપત્રના કારણે એ-૪ સાઈઝ પેપર, ફોન્ટ, માર્જીન, લાઈન સ્પેસીંગ સહિતની તમામ બાબતોમાં ચોકસાઈ, બારીકાઈ અને એક સમાનતા જળવાશે. ગુજરાત હાઈકોર્ટના આ નવા નિર્ણયને લઈ રાજયની નીચલી અદાલતોમાં વકીલો / પક્ષકારો સહિત કોર્ટ કર્મચારીઓમાં પણ ભારે ચર્ચા ચાલી રહી છે.

# કિસાન મહાપંચાયતના મંચ પરથી આમ આદમી પાર્ટીએ ભાજપ સરકાર પાસે ૧૦ મોટી માંગણીઓ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર



આમ આદમી પાર્ટી દ્વારા એક વિશાળ ખેડુત મહાપંચાયતનુ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સુદામડા ગામે આયોજન કરવામાં આવ્યુ હતું. આ મહાપંચાયતમાં ખેડુતો અને આમ આદમી પાર્ટીના સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંતમાન ઉપસ્થિત રહ્યા હતા તેમની સાથે આમ આદમી પાર્ટીના ગુજરાતના નેતાઓ, હોદ્દેદારો અને ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા.

આમ આદમી પાર્ટીની કિસાન મહાપંચાયતના મંચ પરથી આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ગુજરાતના ખેડુતો વતી ભાજપ સરકાર પાસે ૧૦ માંગણીઓ કરી હતી. તેમાં (૧) તમામ મંડીઓમાંથી કડદાપ્રથા તાત્કાલીક બંધ કરવી, કડદા કરનારાઓને જેલ ભેગા કરવામાં આવે (૨) ખેડુતોના પાકને એપીએમસી માર્કેટ સિવાય ગોડાઉન કે ફેકટરીમાં પહોચાડવા માટે દબાણ કરવામાં ન આવે (૩) સમગ્ર રાજયમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત દરેક પાકના ખેડુત / ભાગીયાઓને પંજાબ સરકારની જેમ, પ્રતિ હેકટર રૂપીયા ૫૦ હજારનુ વળતર આપવુ અને એક મહિનામાં જ ચુકવવાની જોગવાઈ કરવામાં આવે (૪) ડેરીમાં પશુપાલકોને તમામ સંઘોમાં ભાવફેરનો હિસાબ સીધો તેમના ખાતામાં અને સમયસર આપવામાં આવે (૫) ખેડુતોને દિવસમાં ૧૨ કલાક મફત વિજળી આપવામાં આવે (૬) હડદડ અને સાબરડેરી આંદોલનમાં ખેડુતો પર થયેલા પોલીસ કેસ પાછા ખેંચવામાં આવે અને જેલમાં બંધ ખેડુતોને તાત્કાલીક મુકત કરવામાં આવે (૭) તમામ પાકોની ખરીદી સરકાર દ્વારા એમએસપી (ન્યુયત્તમ આધારભાવ ) પર કરવામાં આવે (૮) ખેડુતોને પુરતી માત્રામાં અને સમયસર ખાતરની ઉપલબ્ધિ કરાવવામાં આવે (૯) શેરડીના ઉત્પાદક ખેડુતોને સુગર મીલો પાસેથી બાકી ચુકવણી કરવામાં આવે અને બંધ સુગર મીલો ફરી શરૂ કરવામાં આવી (૧૦) સીસીઆઈ દ્વારા કપાસની ખરીદી ડીસેમ્બરને બદલે ૧ ઓકટોબર થી શરૂ કરવામાં આવે.

# મંત્રી કૌશિક વેકરીયાએ વિભાગની હયાત મહેકમમાં ધરખમ વધારો કરવા નવી બાબત તરીકે આગામી બજેટમાં લેવા આદેશ આપ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે ચેરીટી કમિશ્નર કચેરી તથા તાબાની તમામ કચેરીઓનુ કામ ફરજીયાત ઓનલાઈન કરવા માટે સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવી છે. કચેરીની કાર્યક્ષમતા વધારવા માટે મંત્રી કૌશિક વેકરીયાએ હયાત મહેકમમાં ધરખમ વધારો કરવા નવી બાબત તરીકે આગામી બજેટમાં લેવા આદેશો આપ્યા છે. તેમજ વધારાના ૩૫ કોમ્પ્યુટર તુરંત ફાળવવા અંગે પણ જરૂરી સુચનો આપ્યા છે.

કાયદો અને ન્યાય વિભાગના રાજય મંત્રી કૌશિક વેકરીયાએ કાયદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે વિભાગના અગત્યના મુદ્દાઓ પર ઉંડાણપૂર્વક ચર્ચા કરીને તેના ત્વરીત નિરાકરણ માટે સચોટ સુચનાઓ આપી છે. મંત્રીએ ખાસ કરીને ચેરીટી કમિશ્નર કચેરીના વહિવટ અને સશકિતકરણ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. મંત્રી કૌશિક વેકરીયાએ વહિવટમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે ચેરીટી કમિશ્નર કચેરી તથા તાંબાની તમામ કચેરીઓનુ કામ ફરજીયાત ઓનલાઈન કરવા માટે સ્પષ્ટ સુચનાઓ આપી છે. આ પહેલને તાત્કાલીક અસરથી લાગુ કરવા માટે મંત્રીએ કચેરીના ઉપયોગ હેતુ વધારાના ૩૫ કોમ્પ્યુટર તુરંત ફાળવવા અંગે પણ જરૂરી સુચનો આપ્યા છે. કચેરીની કાર્યક્ષમતા વધારવા માટે મંત્રીએ મહેકમમાં ધરખમ વધારો કરવાના આદેશો આપ્યા છે. ચેરીટી કમિશ્નર ની કચેરી અને તાંબાની કચેરીઓમાં ખુબ ઓછુ મહેકમ હોવાની બાબતને ગંભીરતાથી લઈને મંત્રીએ હયાત હિસાબનીશ / નિરીક્ષકનુ મંજુર મહેકમ ૩૮ છે તેને વધારીને ૩ ઘણુ કરવા માટે નવી બાબત તરીકે આગામી બજેટમાં જોગવાઈ કરવા સુચના આપવામાં આવી છે. તે ઉપરાંત નાયબ ચેરીટી કમિશ્નરનુ હાલમાં ૮ નુ મંજુર મહેકમ છે તેને પણ વધારીને ૧૨ નુ મહેકમ કરવા માટે નવી બાબતમાં સમાવેશ કરવા આદેશ આપ્યા છે.

તો બીજી તરફ મંત્રી કૌશિક વેકરીયાએ ચેરીટી કમિશ્નર અને તાંબાના અધિકારીઓ / નિરીક્ષક / કર્મચારીઓ માટે તપાસના કામે વાહનની જોગવાઈ કરવા અંગેના પ્રશ્નોનુ પણ નિરાકરણ લાવતા, આ અંગે નવી બાબત તરીકે આગામી બજેટમાં જોગવાઈ કરવા સુચના આપી છે. વહિવટી સરળતા અને કર્મચારીઓના હિતમાં સંયુકત કમિશ્નરની લાયકાત માટે જરૂરી ૧૦ વરસના અનુભવના સંદર્ભમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં નાયબ ચેરીટી કમિશ્નર તરીકે બજાવેલ ફરજનો સમયગાળો પ્રમોશન પછીની સ્થિતિએ સળંગ ગણવા બાબત કાર્યવાહી કરવા પણ નિર્દેશ અપાયો છે. મંત્રી કૌશિક વેકરીયાના આ નિર્ણયો કાયદા અને ન્યાય વિભાગ હસ્તકની ચેરીટી કમિશ્નર કચેરીના વહિવટી માળખાને મજબુત કરવા તેમજ કચેરીની કાર્યક્ષમતા અને આધુનિકરણમાં મહત્વપૂર્ણ પરીવર્તન લાવશે.

# વેડંચા મોડેલઃ ગ્રે વોટર મેનેજમેન્ટમાં ગુજરાતનો ગૌરવવંતો પ્રોજેક્ટ

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનું નાનકડું ગામ વેડંચા આજે દેશભરમાં સ્વચ્છતા અને પાણીના ટકાઉ વ્યવસ્થાપનનું ઝળહળતું ઉદાહરણ બની રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ આ ગામે ગ્રે વોટર મેનેજમેન્ટ ક્ષેત્રે ઈતિહાસ રચ્યો છે. વેડંચા ગામને વર્ષ ૨૦૨૪-૨૫નો પ્રતિષ્ઠિત CIPS - સેન્ટર ફોર ઈનોવેશન ઈન પબ્લિક સર્વિસ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યું છે.

વેડંચા મોડેલની વિશિષ્ટતા

વેડંચા ગામે ગ્રે વોટર એટલે કે, રસોડા અને બાથરૂમમાંથી નીકળતા ગંદા પાણીના વ્યવસ્થાપન માટે સરળ, સસ્તી અને અસરકારક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એક નવતર મોડેલ ઊભું કર્યું છે. આ પ્રોજેકટની શરૂઆત વર્ષ ૨૦૨૦-૨૧માં થઈ હતી. જ્યારે ગામમાં ભૂગર્ભ જળના સ્તર ખૂબ ઊંડા ઉતરી ગયા હતા.

ગામની પાણીની સમસ્યાને ઉકેલવા અને સ્વચ્છતા વધારવા માટે વેડંચા ગ્રામ પંચાયતે વાસ્મોના ટેકનિકલ સપોર્ટ અને બનાસકાંઠા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના માર્ગદર્શન સાથે માત્ર ૫.૫૫ લાખ રૂપિયાના ખર્ચે ગ્રે વોટર ટ્રીટમેન્ટ યુનિટનું નિર્માણ કર્યું છે.

આ યુનિટ દ્વારા ગામના ૩૦ ટકા ઘરોમાંથી નીકળતા ગંદા પાણીનું શુદ્ધિકરણ કરીને લગભગ ૨૦૦ કિલો લિટર પ્રતિ દિવસ-KLD પાણી ખેતી અને ભૂગર્ભ જળ રિચાર્જ માટે ઉપયોગમાં લેવાય છે. આ પ્રક્રિયામાં ફટકડી, ચૂના અને ચારકોલ જેવી સરળ સામગ્રીનો ઉપયોગ થાય છે, જેનાથી ખર્ચ ઓછો રહે છે અને જાળવણી પણ સરળ બને છે. આ ઉપરાંત, પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતા જૈવિક ખાતરના વેચાણથી ગ્રામ પંચાયતને દર મહિને ૪૫ હજાર થી ૫૦ હજાર રૂપિયાની આવક થાય છે, જે આ મોડેલને આત્મનિર્ભર બનાવે છે.

સ્વચ્છતા અને ટકાઉ વિકાસનું પ્રતીક

વેડંચા મોડેલની સફળતા એટલી પ્રભાવશાળી છે કે તે રાજ્ય અને દેશભરના ગામો માટે પ્રેરણાસ્રોત બન્યું છે. આ મોડેલે ન માત્ર પાણીનો વ્યય અટકાવ્યો, પરંતુ ભૂગર્ભ જળનું સંરક્ષણ કરીને ગામની પાણીની ઉપલબ્ધતા વધારી છે. આ ઉપરાંત ગામમાં સ્વચ્છતાનું સ્તર પણ નોંધપાત્ર રીતે સુધર્યું છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ ગ્રામ પંચાયતોને લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે વ્યક્તિ દીઠ ગ્રાન્ટ જેમાં પાંચ હજારથી ઓછી વસ્તી માટે ૨૮૦ રૂપિયા અને પાંચ હજારથી વધુ વસ્તી માટે ૬૬૦ રૂપિયા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેનો ઉપયોગ કરીને અન્ય ગામો પણ આવા યુનિટની સ્થાપના કરી શકે છે.

દેશના અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ

વેડંચા ગામની આ સિદ્ધિની ગુંજ દૂર-દૂર સુધી પહોંચી છે. અન્ય જિલ્લાઓના અધિકારીઓ, સરપંચો અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ આ મોડેલનો અભ્યાસ કરવા વેડંચા ગામની મુલાકાત લઈ રહ્યા છે. ગામના સરપંચના જણાવ્યા મુજબ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સતત માર્ગદર્શનથી ગામમાં સ્વચ્છ ભારત મિશનના અન્ય પાસાઓ જેવા કે ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ અને શોષખાડા નિર્માણ જેવી પ્રવૃત્તિઓમાં પણ નવો ઉત્સાહ જોવા મળ્યો છે. વેડંચા મોડેલ એ ગ્રામીણ ભારત માટે એક નવો રાહ બતાવે છે. જે સ્વચ્છતા, પાણીનું સંરક્ષણ અને આર્થિક આત્મનિર્ભરતાને એકસાથે સાકાર કરે છે. ગુજરાત સરકારે આ મોડેલને રાજયભરમાં અમલી બનાવવા માટે પ્રયાસો હાથ ધર્યા છે. વેડંચા ગામે સાબિત કર્યું છે કે નાના પગલાંઓથી મોટા ફેરફારો શક્ય છે, અને આ મોડેલ ગ્રામીણ વિકાસનું એક ઝળહળતું રત્ન બની રહેશે. - ઋચા રાવલ

# ઓલપાડ તાલુકાના સેલુત અને ભાંડુત ગામે કમોસમી વરસાદથી ખેતરમાં પાકને થયેલા નુકસાનીનો તાગ મેળવતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી





રાજ્યમાં તાજેતરમાં પડેલા કમોસમી વરસાદથી ખેતીના પાકને નુકસાન થયું છે. સુરત જિલ્લામાં પણ કમોસમી ભારે વરસાદને પગલે ખેડૂતોને પાકમાં નુકસાન વેઠવું પડ્યું છે, ત્યારે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સેલુત અને ભાંડુત ગામે કમોસમી વરસાદથી ખેતરમાં ઉભા પાકને થયેલા નુકસાનીનો તાગ મેળવ્યો હતો. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ પણ સાથે જોડાયા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતો સાથે સંવાદ કરી તેમની રજૂઆતોને ધ્યાને લીધી હતી. કમોસમી વરસાદના પાણી વિવિધ ગામોના ખેતરોમાં ફરી વળ્યાં છે, આ પાણી ઓસર્યા બાદ તેમાં નુકસાનીના સર્વે માટે ખેડૂતોએ મંત્રીશ્રીને રજૂઆત કરી હતી. ઓલપાડ તાલુકામાં રસ્તા પર સૂકવવા માટે મુકેલા ડાંગરના પાકમાં ખેડૂતોને થયેલા નુકસાનનો અલગથી સર્વે કરવાની સૂચના પણ મંત્રીશ્રીએ આપી હતી. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરત જિલ્લામાં કમોસમી વરસાદને અનુલક્ષીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આદેશ અનુસાર શાકભાજી સહિતના પાકોમાં થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે શરુ કરી દેવાયો છે. ખેડૂતોની મુશ્કેલીઓ અને રજુઆતોને પણ ધ્યાને લેવામાં આવી છે. આ મુશ્કેલીના સમયમાં રાજ્ય સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે રહી મહત્તમ મદદ કરવાની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

સુરતના નાયબ ખેતી નિયામકશ્રી એન.જી.ગામીતના જણાવ્યા અનુસાર, સમગ્ર સુરત જિલ્લામાં કુલ ૫૫૦ અસરગ્રસ્ત ગામો માટે ૩૫૦ પ્રાઈવેટ સર્વેયરો દ્વારા સર્વેની કામગીરી શરૂ કરાઈ છે. અને ૫૩ ગામોમાં સર્વે પૂર્ણ થયો છે. સુરત જિલ્લાના બારડોલી, ચોર્યાસી, કામરેજ, મહુવા, માંડવી, માંગરોળ અને ઓલપાડ, પલસાણા, સુરત સીટી અને ઉમરપાડા સહિતના તાલુકાઓ પૈકી અસરગ્રસ્ત વિસ્તાર ૧૯,૯૪૭ હેક્ટરમાં સૌથી વધુ ડાંગર ત્યારબાદ મકાઈ, સોયાબીન અને શાકભાજી સહિતના પાકોને નુકસાન થયું છે.

### પાટણ બાદ મહિસાગર જિલ્લાની લુણાવાડા નગરપાલિકામાં ભાજપમાં આંતરીક ખટરાગ:

# ૧૧ સભ્યોએ પ્રમુખ કિંતિ પટેલ વિરૂધ્ધ રૂ.૪૦ લાખના સ્વીમીંગ પુલ ચુકવણી મામલે ફરીયાદ નોંધાવી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભાજપ સરકારમાં ગૃહદશા બેઠી હોય તેમ એક તુટે તેર સંધાય તેવો ઘાટ ઘડાયો છે, ઉત્તર ગુજરાતની પાટણ નગરપાલિકામાં ભાજપના આંતરકી ખટરાગ બાદ હવે મહિસાગર જિલ્લાની લુણાવાડા નગરપાલિકામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોચ્યો છે. લુણાવાડા નગરપાલિકાના ભાજપના ૧૧ સભ્યોએ પાલિકાના પ્રમુખ વિરૂધ્ધ ભારે ભ્રષ્ટાચારના આક્ષેપો કરી ચીફ ઓફીસરને લેખિતમાં ફરીયાદ નોંધાવી છે.

આ ફરીયાદનુ મુખ્ય કારણ છે નગરપાલિકાના સ્વીમીંગ પુલની કામગીરી માટે રૂપીયા ૪૦,૪૯,૦૫૭ લાખ ની ચુકવણી કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. સભ્યોનો દાવો છે કે સ્વીમીંગ પુલ માટે રૂપીયા ૧.૫૦ કરોડના ખર્ચનો અંદાજ હોવા છતાં પ્રમુખ કિંતિ પટેલ દ્વારા માત્ર પાઈપો અને નાની મોટરો માટે આ મોટી રકમ શ્રીજી કન્સ્ટ્રકશન ના નામે ઉઠાવી લેવામાં આવી છે, ભાજપના સભ્યોના આક્ષેપો અનુસાર અગાઉ પણ કિંતિ પટેલ કોંગ્રેસના સભ્યો સાથે રહી ટાઉન હોલ બનાવવાના નામે રૂપીયા ૪૬ લાખ ઉપાડી ચુકયા હતા તેના પરીણામે તત્કાલીક પ્રમુખને સસ્પેન્ડ કરી રૂપીયા ૪૬ લાખની રીકવરી નો આદેશ આપવામાં આવ્યો હતો. સ્વીમીંગ પુલની ચુકવણી ઉપરાંત એલઈડીમાં રૂપીયા ૧૫ લાખ અને ટાઈમર સ્વીચમાં રૂપીયા ૩૨ લાખ સહિત અન્ય અનેક કાર્યોમાં ભ્રષ્ટાચારના આક્ષેપો ઉઠયા છે. ભાજપના સભ્યોએ સ્પષ્ટપણે કહ્યુ છે કે તેઓ પ્રમુખના ભ્રષ્ટાચારમાં સામેલ નથી અને પોતાના પર રીકવરીના પગલા ન આવે તે માટે તાત્કાલીક તપાસ કરવાની માંગ કરી છે.

આ આંતરીક વિખવાદને લઈને વિરોધ પક્ષના નેતાઓએ પણ સભ્યોને સમર્થન આપવાની જાહેરાત કરી છે જેના કારણે ભાજપ શાસિત પાલિકા પર રાજકીય હડકંપ મચી ગયો છે. આગામી સમયમાં પાલિકામાં નવી જડબેસલાક કામગીરી થવાના સંકેતો જોવા મળી રહ્યા છે. પ્રમુખ કિંતિ પટેલે આ તમામ આક્ષેપોને ખોટા અને રાજકીય લાભ માટેના પ્રયાસો હોવાનુ જણાવ્યુ છે. તેમણે જણાવ્યુ હતુ કે પાલિકાના કાર્યો સંપૂર્ણપણે પારદર્શક રીતે કરવામાં આવ્યા છે અને ભ્રષ્ટાચારના કોઈપણ દાવા સંપૂર્ણપણે પાયાવિહોણા છે તેમણે પોતાની જાતે જ તમામ વિકાસ કાર્યોની વીજીલન્સ તપાસ કરવાની રજુઆત કરી છે.



પ્રમુખના દાવા અનુસાર પાલિકાના દરેક કામની ચુકવણી નિયમ અનુસાર કરવામાં આવી છે અને દરેક દસ્તાવેજ તપાસ માટે ઉપલબ્ધ છે. તેમ છતાં કેટલાક મહત્વકાંક્ષી સભ્યો અને રાજકીય તત્વો પદ મેળવવા માટે ખોટા પ્રચાર અને અફવાઓ ફેલાવી રહ્યા છે. સ્થાનિક લોકોનુ કહેવુ છે કે હાલના નગરપાલિકા પ્રમુખ લુણાવાડાના વિકાસ કાર્યોમાં સક્રિય છે. લાઈટ , પાણી, રોડ રસ્તા સહિતની જીવન આવશ્યકતાઓ માટે તાત્કાલીક કામગીરી કરવામાં આવી રહી છે. સ્થાનિક વસ્તી દ્વારા જણાવાયુ છે કે પ્રમુખ કિંતિ પટેલ પોતાના કાર્યકાળ દરમિયાન નગરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. લોકોએ જણાવ્યુ હતુ કે જો જરૂર પડે તો તેઓ ભાજપના મોવડી મંડળને રજુઆત કરીને માન્ય પ્રમુખના સમર્થનમાં રહેશે. આ વાસ્તવિક પરીસ્થિતિ થી સ્પષ્ટ થાય છે કે લુણાવાડા નગરપાલિકા સરકારની અંદર ભ્રષ્ટાચારના આક્ષેપો અને આંતરીક વિખવાદ વચ્ચે પ્રજાજનોને શહેરના વિકાસ માટે કાર્યરત નેતાને પણ સમર્થન આપી રહ્યા છે. આ સમગ્ર પ્રકરણ પાલિકા માટે આગામી સમયમાં રાજકીય ચેલેન્જનો સંકેત છે.

# ખેડુતોનુ દેવુ માફ કરી જગતના તાતને દેવા મુકત કરો: ધારાસભ્ય કુમાર કાનાણીએ મુખ્યમંત્રીને લખ્યો પત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં કમોસમી વરસાદના કારણે ખેડુતોને ભારે નુકશાન થયુ છે ત્યારે સુરતના ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીને પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે રાજયના ખેડુતોનુ દેવુ માફ કરી જગતના તાતને દેવામુકત કરી ફરી બેઠા કરવા માંગ કરી છે.



ધારાસભ્ય કુમાર કાનાણીએ લખેલા પત્રમાં જણાવ્યુ હતુ કે હું ઘણા સમયથી જોઈ રહ્યો છુ કે બદલાયેલા વાતાવરણને કારણે ઋતુ ચક્રમાં બદલાવ આવ્યો છે.ગમે ત્યારે વરસાદ / ચક્રવાતનુ પ્રમાણ અને અનિયમિતતા વધી રહી છે. ચક્રવાત અને કમોસમી વરસાદને કારણે ખેડુતોને વારંવાર નુકશાન થઈ રહ્યુ છે અને વારંવાર થતા નુકશાનને કારણે જગતનો તાત , અન્નદાતા દેવાદાર થતો જાય છે. સરકાર સહાય આપવાનો પ્રયાસ જરૂર કરે છે પરંતુ ખેડુતોનુ થતુ નુકશાન ભરપાઈ સહાય થી થઈ શકે નહી, ખેડુત દેવામાં ડુબતો જાય છે , આવી પરીસ્થિતિમાં ખેડુતને દેવામુકત કરવા માટે સરકારે એકવાર દેવુ માફ કરવા વિચારણા કરવી જોઈએ.

બિનજરૂરી પ્રોજેકટના કામો કે સરકારી ખર્ચાઓ બંધ કરી, કરકસર કરી ખેડુતોને આપીને દેવામુકત કરી શકાય, જેથી ખેડુત ફરી બેઠો થઈ ચિંતામુકત થઈ ફરી જોશ ઉંમગથી ખેતી કરતો થાય, તે માનવ જીવન માટે પણ ખુબ જરૂરી છે નહીતર ખેતીથી ખેડુત દુર ભાગતો થશે, ખેતી જો ઓછી થતી જાશે તો ખેબ મોટી સમસ્યાઓ ઉપસ્થિત થાય તેવી પરીસ્થિતિનુ નિર્માણ થશે. માટે આ બાબતે સરકારે વિચાર કરવો જોઈએ તેવુ મારૂ માનવુ છે અને મારી માંગણી અને લાગણી પણ છે.

### પ્રભારી-સહ પ્રભારી મંત્રીઓની જાહેરાત કરાઈ

# ગુજરાત સરકારમાં મંત્રી મંડળ વિસ્તરણ બાદ હવે નવા મંત્રીઓને જિલ્લાઓની ફાળવણી કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના નવા મંત્રી મંડળની રચના બાદ હવે મંત્રીઓને તેમના પ્રભારી જિલ્લાઓની ફાળવણી કરી દેવામાં આવી છે. સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આ અંગેનો સત્તાવાર આદેશ જાહેર કરવામાં આવ્યો છે. મોટા ભાગના મંત્રીઓને ૨-૨ જિલ્લાઓની પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જયારે ૬ જેટલા મંત્રીઓને સહપ્રભારી તરીકેની જવાબદારી સોંપાઈ છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને તેમને ગાંધીનગર અને વડોદરાના પ્રભારી મંત્રી તરીકે યથાવત રાખવામાં આવ્યા છે. રીપીટ કરાયેલ અન્ય મંત્રીઓના પ્રભારી જિલ્લાઓ પણ યથાવત જ રાખવામાં આવ્યા છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીને અમરેલી અને રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.



ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ મંત્રી ઋષીકેશ પટેલને અમદાવાદ અને વાવ - થરાદ (બનાસકાંઠા) જિલ્લાના પ્રભારીની જવાબદારી સોંપવામાં આવી છે. નવા મંત્રી મંડળના સભ્યોને આ રીતે પ્રભારી જિલ્લાઓ ફાળવવાથી વહિવટી કાર્યક્ષમતા વધારવાનો અને વિવિધ જિલ્લાઓ સાથે મંત્રી સ્તરે સીધો સંપર્ક જાળવવાનો હેતુ રહેલો છે. દરેક મંત્રી હવે તેમના પ્રભારી જિલ્લાઓમાં સરકારી યોજનાઓના અમલ અને વિકાસના કાર્યો પર વિશેષ ધ્યાન આપી શકશે.

| ક્રમ નંબર | પ્રભારી મંત્રીનુ નામ | જિલ્લાનું નામ |
|---|---|---|
| ૧ | મંત્રી હર્ષ રમેશકુમાર સંઘવી | વડોદરા, ગાંધીનગર |
| ૨ | મંત્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ | સુરત, નવસારી |
| ૩ | મંત્રી જીતુભાઈ સવજીભાઈ વાઘાણી | અમરેલી , રાજકોટ |
| ૪ | મંત્રી ઋષીકેશ ગણેશભાઈ પટેલ | અમદાવાદ, વાવ-થરાદ |
| ૫ | મંત્રી કુંવરજીભાઈ મોહનભાઈ બાવળીયા | પોરબંદર, દેવભુમિ દ્વારકા |
| ૬ | મંત્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | વલસાડ , તાપી |
| ૭ | મંત્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | જામનગર, દાહોદ |
| ૮ | મંત્રી ડો. પ્રદ્યુમન ગનુભાઈ વાજા | સાબરકાંઠા, જુનાગઢ |
| ૯ | મંત્રી રમણભાઈ ભીખાભાઈ સોલંકી | ખેડા, અરવલ્લી |
| ૧૦ | મંત્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | નર્મદા |
| ૧૧ | મંત્રી પ્રફુલભાઈ છગનભાઈ પાનસેરીયા | ભરૂચ |
| ૧૨ | મંત્રી ડો. મનિષા રાજીવભાઈ વકીલ | છોટા ઉદેપુર |
| ૧૩ | મંત્રી પરશોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી | ગીરસોમનાથ |
| ૧૪ | મંત્રી કાંતીલાલ શીવલાલ અમૃતીયા | કચ્છ |
| ૧૫ | મંત્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા | પંચમહાલ |
| ૧૬ | મંત્રી શ્રીમતી દર્શનાબેન મુકેશભાઈ વાઘેલા | સુરેન્દ્રનગર |
| ૧૭ | મંત્રી કૌશિકભાઈ કાંતીભાઈ વેકરીયા | ભાવનગર, જુનાગઢ(સહપ્રભારી) |
| ૧૮ | મંત્રી પ્રવિણભાઈ ગોરધનજી માળી | મહેસાણા, નર્મદા (સહ પ્રભારી) |
| ૧૯ | મંત્રી ડો. જયરામભાઈ ચેમાભાઈ ગામીત | ડાંગ |
| ૨૦ | મંત્રી ત્રિકમભાઈ બીજલભાઈ છાંગા | મોરબી, રાજકોટ (સહ પ્રભારી) |
| ૨૧ | મંત્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ | બનાસકાંઠા, વડોદરા (સહ પ્રભારી) |
| ૨૨ | મંત્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા | આણંદ, ભરૂચ(સહ પ્રભારી) |
| ૨૩ | મંત્રી પુનમચંદ છનાભાઈ બરંડા | મહિસાગર, દાહોદ (સહ પ્રભારી) |
| ૨૪ | મંત્રી સ્વરૂપજી સરદારજી ઠાકોર | પાટણ |
| ૨૫ | મંત્રી શ્રીમતી રીવાબા રવિન્દ્રસિંહ જાડેજા | બોટાદ |

# કોંગ્રેસની ખેડુતો માટે યાત્રા: સૌરાષ્ટ્રભરમાં તા. ૧થી ૧૩ નવે. સુધી ધરણાં: ઘેરાવ અને આક્રોશ યાત્રા

## ભાજપની ખેડુત વિરોધી નિતિઓએ ખેડુતોને આત્મહત્યા તરફ ધકેલ્યા : અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને ભાજપ સરકાર પર ખેડુત વિરોધી નિતિઓનો આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે સરદાર વલ્લભભાઈ પટેલે હંમેશા ખેડુતો અને ખેત મજુરોની ચિંતા કરી હતી અને કહ્યુ હતુ કે ખેડુતોના યોગદાનને કોઈ અવગણી શકે નહી, પરંતુ આજે ગુજરાતમાં ખેડુતોની સ્થિતિ અત્યંત દયનીય છે. રાજયમાં ૩ દાયકાથી ભાજપની સરકાર શાસન કરે છે અને તેમની નિતિઓ હંમેશા ખેડુત વિરોધી રહી છે. ભાજપની બી ટીમની નિતિ પણ



એ જ છે કે ખેડુત અને ખેતી બંને બરબાદ થઈ જાય, અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી ખેડુતોના દેવા સંપૂર્ણપણે માફ કરવાની માંગણી કરી હતી. ચાવડાએ કહ્યુ હતુ કે ખેડુતોના સંપૂર્ણ દેવા માફ કરી દેવા જોઈએ. આ સાથે જ તાત્કાલીક પાક વિમા યોજના લાગુ કરવામાં આવવી જોઈએ, આ દરમિયાન તેમણે ખેડુતોની માંગણીઓના સમર્થનમાં રાજયભરમાં કાર્યક્રમો યોજવાની માહિતી આપી હતી. આ અંગે ચાવડાએ જણાવ્યુ હતુ કે તા.૧ થી ૫ નવેમ્બર સુધી તમામ તાલુકા મથકોમાં ધરણાં કાર્યક્રમ યોજવામાં આવશે, આ દરમિયાન મામલતદાર કચેરી સુધી પદયાત્રા કરીને આવેદનપત્ર આપવામાં આવશે. તે ઉપરાંત તેમણે જણાવ્યુ હતુ કે ૬ નવેમ્બરે રેલી સ્વરૂપે કલેકટર કચેરીનો ઘેરાવ કરીને ખેડુતો સાથે થતા અન્યાય વિરૂધ્ધમાં આવેદનપત્ર આપવામાં આવશે. આ દરમિયાન મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકર્તાઓ અને ખેડુતોની હાજરી રહેશે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા તા. ૬ થી ૧૩ નવેમ્બર સુધી સૌરાષ્ટ્ર ના ૧૦ જિલ્લાઓમાં આક્રોશ યાત્રા કાઢવામાં આવશે. આ દરમિયાન ખેડુતો સાથે થતા અન્યાય અને વર્તમાન સમયમાં કમોસમી વરસાદના કારણે થયેલા નુકશાનીના મુદ્દાઓને પણ આવરી લેવામાં આવશે. તે ઉપરાંત સૌરાષ્ટ્રમાં કડદાપ્રથાના વિરોધમાં ઉઠેલા સુરોને આગળ વધારવામાં આવશે. આ દરમિયાન સૌરાષ્ટ્રના ખેડુતો સાથે સંવાદ કરીને તેમની મુશ્કેલીઓ અને સમસ્યાઓ સાંભળવામાં આવશે. તે પ્રમાણે સરકાર સામે આંદોલન કરવા માટે કાર્યક્રમ તૈયાર કરવામાં આવશે, આ આક્રોશ રેલીનુ સમાપન ૧૩ નવેમ્બરે દ્વારકા ખાતે કરવામાં આવશે. આ દરમિયાન કોંગ્રેસ દ્વારા સૌરાષ્ટ્રભરમાં ખેડુતોના મુદ્દાઓને લઈને રાજય સરકારને ઘેરવામાં આવશે.

# હજ ૨૦૨૬ માટે રાજય હજ નિરીક્ષક તરીકે સેવા આપવા ઈચ્છુક રાજય સરકારના કર્મચારીઓ માટે અરજી કરવા હવે માત્ર બે દિવસ બાકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજય હજ સમિતિ, સામાન્ય વહિવટ વિભાગ દ્વારા હજ ૨૦૨૬ માટે રાજય હજ નિરીક્ષક તરીકે સેવા આપવા ઈચ્છુક રાજય સરકારના કર્મચારીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી રહી છે.

રાજય સરકાર દ્વારા ગઈ તા. ૧૫ ઓકટોબર ૨૦૨૫ થી અરજી સ્વીકારવાની શરૂ કરી છે. ઓનલાઈન અરજી સ્વીકારવાની પ્રક્રિયા હવે માત્ર બે દિવસ એટલે કે તા. ૩ નવેમ્બર ૨૦૨૫ સુધી તેમજ ઓફ લાઈન અરજી સ્વીકારવાની પ્રક્રિયા હવે માત્ર ૪ દિવસ એટલે કે આગામી તા. ૫ નવેમ્બર ૨૦૨૫ સુધી જ કાર્યરત રહેશે. હજયાત્રીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં રાજય હજ નિરીક્ષકની ભુમિકા ખુબ જ મહત્વની છે. પસંદગી પામેલ કર્મચારીઓને હજ કમિટી ઓફ ઈન્ડીયા દ્વારા આશરે બે મહિનાના સમયગાળા માટે સાઉદી અરેબીયા ખાતે ભારતના કોન્સ્યુલેટ



જનરલ, જેદાહ હસ્તક ડેપ્યુટેશન પર મુકવામાં આવશે. ડેપ્યુટેશનનો આ સમયગાળો ફરજ પર ગણાશે અને પગારભથ્થા નિયમિત પણે સંબંધિત કચેરી દ્વારા ચુકવવામાં આવશે. રાજય સરકાર હસ્તકના તમામ વિભાગો / જાહેર સાહસો / સ્વાયતસંસ્થાઓ / આયોગની માન્ય સંસ્થામાંથી સ્નાતકની પદવી ધરાવતા મુસ્લીમ સરકારી અધિકારી / કર્મચારીઓ અરજી કરી શકશે જેમાં વર્ગ ૧ કક્ષાના કે તેને સમકક્ષ અધિકારીઓ, કરાર આધારીત કર્મચારીઓ કે આઉટ સોર્સિંગના કર્મચારીઓ અરજી કરી શકશે નહી.

અરજદાર ની ઉંમર તા. ૧૫/૧૦/૨૦૨૫ ના રોજ ૫૦ વરસ કરતા ઓછી હોવી જોઈએ અને તેમના ભારતીય પાસપોર્ટ ની મુદત તા. ૩૧/૧૨/૨૦૨૬ સુધીની હોવી જોઈએ. અરજદારે રાજય હજ નિરીક્ષક કે ખાદીમુલ હુજાજજ તરીકે ૩ થી વધુ વખત સેવાઓ બજાવેલ ન હોવી જોઈએ, અરજદારે અરજી સાથે નો ઓબ્જેકશન સર્ટીફીકેટ અપલોડ કરવુ આવશ્યક છે, જો અરજી સમયે એનઓસી ન મળેલ હોય તો ઈન્ટરવ્યુ સમયે એનઓસી જમા કરાવવાની શરતે બાંહેધરી અપલોડ કરવાની રહેશે. અરજદારો હજ કમિટી ઓફ ઈન્ડીયાની વેબસાઈટ **https://hajcommittee.gov.in** પર રાજય હજ નિરીક્ષક તરીકે તા. ૩/૧૧/૨૦૨૫ સુધીમાં અરજી કરી શકશે. હજ કમિટી ઓફ ઈન્ડીયાની અરજી સબમીટ કર્યા બાદ રાજય હજ સમિતિની વેબસાઈટ **https://haj.gujarat.gov.in** પર ઉપલબ્ધ ઓનલાઈન ફોર્મમાં જરૂરી વિગતો પુરાવા ભરીને ફોર્મ સબમીટ કરવાનુ રહેશે. આ ઉપરાંત અરજીની હાર્ડ કોપી સંબંધીત વિભાગ ખાતાના વડા / જાહેર સાહસ / આયોગના વડા મારફત સચિવ શ્રી ગુજરાત રાજય હજ સમિતિ, બ્લોક નં. ૮, ૮મો માળ, સચિવાલય ગાંધીનગર ખાતે તા. ૫/૧૧/૨૦૨૫ કચેરી સમય સુધીમાં મળી રહે તે મુજબ મોકલી આપવાની રહેશે. માત્ર ઓનલાઈન આવેદન કરાયેલ અરજી, અપૂર્ણ માહિતી / દસ્તાવેજો ધરાવતી અરજીઓ કે તા. ૫/૧૧/૨૦૨૫ ની સમય મર્યાદા બાદ મળેલ અરજીને રાજય હજ નિરીક્ષકની પસંદગી અંગેની પ્રક્રિયા માટે ધ્યાને લેવામાં આવશે નહી. હજ કમિટી ઓફ ઈન્ડીયા અને કેન્દ્રીય લઘુમતિ બાબતોના મંત્રાલયના દિશા નિર્દેશો અનુસાર કોમ્પ્યુટર બેઈઝડ ટેસ્ટ અને ઈન્ટરવ્યુ ના આયોજન બાદ અરજદારોની પસંદગી કરવામાં આવશે. હજ ૨૦૨૬ માટે દર ૧૫૦ હજ યાત્રીઓએ ૧ રાજય હજ નિરીક્ષકની પસંદગી કરવામાં આવશે. પસંદગી પામેલા રાજય હજ નિરીક્ષકના સંબંધિત વિભાગ / ખાતાના વડાની કચેરી / જાહેર સાહસ / સ્વાયત સંસ્થા / આયોગના વડા અથવા સક્ષમ અધિકારીની મંજુરી મેળવી ૫૦ ટકા ખર્ચ (રૂપીયા ૨ લાખ ૧૦ હજાર) ની ચુકવણી કરવાની રહેશે.

# ખેડુતોની પડખે ગુજરાત સરકાર : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અધિકારીઓને તાત્કાલીક સર્વે કરવાનો કર્યો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં તાજેતરમાં થયેલા અસાધારણ કમોસમી વરસાદ અને વાતાવરણના પલટાને કારણે ખેતીના પાકોને વ્યાપક નુકશાન પહોચ્યુ છે. રાજયના ધરતીપુત્રો પર આવેલી આ આફતના સમયે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અત્યંત સંવેદનશીલતા દર્શાવીને તેમની પડખે ઉભા રહેવાનો સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. છેલ્લા બે દાયકાઓથી વધુના સમયમાં જોવા ન મળ્યો હોય તેવો આ કમોસમી વરસાદ હોવાથી રાજય સરકારે સંપૂર્ણ કિસાનહીત લક્ષી અભિગમ અપનાવવાની નેમ વ્યકત કરી છે.



મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની સરકારે ખેડુતોને ઉદારતમ મદદ પુરી પાડવા માટે નુકશાનનો ત્વરીત સર્વે અને સમિક્ષા કરવા માટે પ્રતિબધ્ધતા જાહેર કરી છે. ભુપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે આ સંદર્ભમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકનુ આયોજન કર્યુ હતુ આ બેઠકનો મુખ્ય ઉદેશ રાજયના જુદા જુદા જિલ્લાઓમાં ખેતીના પાકોને થયેલા નુકશાનના સર્વે સહિતની બાબતોને પ્રાથમિકતા આપવાનો હતો. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને સંબંધીત જિલ્લાઓના નુકશાનની વિગતવાર માહિતી રજુ કરી હતી.

આ સિવાય વહિવટી તંત્રના અધિકારીઓમાં મુખ્ય સચિવ એમ કે દાસ, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી અંજુ શર્મા, મહેસુલ વિભાગના મુખ્ય સચિવ ડો. જયંતિ રવિ, નાણાં વિભાગના અગ્ર સચિવ ટી નટરાજન, તથા મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સીંઘ અને સચિવ ડો. વિક્રાંત પાંડે પણ બેઠકમાં હાજર રહ્યા હતા. અસાધારણ સંજોગોમાં થયેલા આ કમોસમી વરસાદથી ખેડુતોના ઉભા પાકને જે વ્યાપક નુકશાન થયુ છે તેને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ અધિકારીઓને નુકશાનનો સર્વે ઝડપથી પૂર્ણ કરવાના અને ખેડુતોને શકય તેટલી ઉદારત્તમ મદદ પુરી પાડવાના સ્પષ્ટ નિર્દેશો આપ્યા છે.

રાજય સરકારે છેલ્લા ૨૦ વરસોમાં આવો કમોસમી વરસાદ ન થયો હોવાની વાત સ્વીકારીને ચાલુ વર્ષના નુકશાનને ગંભીરતાથી લીધુ છે. આ બેઠક દ્વારા સરકારે ખેડુતોને ખાત્રી આપી છે કે સરકાર આ આપદાના સમયે તેમની સાથે છે અને સહાયતા માટેના તમામ કિસાનહીત લક્ષી પગલા તાત્કાલીક લેવામાં આવશે. સમગ્ર વહિવટી તંત્રને સંવેદનશીલતા સાથે આ દિશામાં કાર્યરત થવા માટે સુચનાઓ આપવામાં આવી છે.

# વીમાના નાણાં મેળવવા જતા સિનિયર સિટીઝનોએ ૬૬ લાખ રૂપિયા ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઓનલાઇન છેતરપિંડી આચરતી ગેંગ દ્વારા હવે વીમા કંપનીના નામે કોલ કરીને ક્લેઈમના ઉંચા વળતર સાથે પરત અપાવવાનું કહીને સિનિયર સિટીઝનોને ટારગેટ કરવામાં આવતી હોવાની નવી મોડ્સ ઓપરન્ડી સામે આવી છે. અમદાવાદમાં રહેતા સિનિયર સિટીઝનના વીમા પોલીસીની વિગતો મોકલીને તેમને નાણાં અપાવવાનું કહીને ૬૬ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સાયબર ક્રાઇમ સેલમાં નોંધવામાં આવી છે.

શહેરના રાણીપમાં આવેલી આશાદીપ સોસાયટીમાં રહેતા ચંદુભાઇ પટેલને વર્ષ ૨૦૨૩માં કોલ આવ્યો હતો. જેમાં કોલરે બજાજ એલાયન્સ નામની કંપનીમાં વાત કરતો હોવાનું જણાવીને તેમને પોલીસી ઓફર કરી હતી. જે આકર્ષક લાગતા તેમણે અલગ અલગ પોલીસી લીધી હતી. આ માટે તેમણે બેંકમાંથી નાણાં કપાઇ તે માટે ઈસીએસ શરૂ કરાવ્યું હતું. આશરે એક વર્ષ પહેલા તેમને કોલ આવ્યો હતો કે તેમની પોલીસી વીસ વર્ષની છે. પંરતુ, પ્રી-મેચ્યોર કરાવશો તો ૪૪ લાખ રૂપિયા મળશે. આ માટે તેમણે અલગ અલગ સમયે કુલ ૩૬ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. જે પૈકીના નાણાં પ્રી-મેચ્યોર રકમ સાથે મળી જશે તેમ કહેવામાં આવ્યું હતું. પરંતુ, તેમને નાણાં પરત અપાયા નહોતા. અન્ય બનાવમાં સાબરમતીમાં આવેલી મહર્ષી દયાનંદ પાર્ક સોસાયટીમાં રહેતા ૭૯ વર્ષીય સીતારામભાઇ શર્માના પુત્રના વોટસએપ નંબર પર સ્ટેટ બેક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજર નામે અનીલ ભારદ્વાજ નામના વ્યક્તિએ કોલ કર્યો હતો. તેણે વોટસએપ પર સીતારામભાઈની બેંક ડીટેઈલ અને રોકાણની વિગતો મોકલી હતી. જેમાં વીમાના નાણાં પણ હતા. આ નાણાં મેળવવા માટેની પ્રોસેસનું પુછતા તેમને વિવિધ ચાર્જ અને પ્રોસેસના નામે અલગ અલગ સમયે કુલ ૩૧ લાખ રૂપિયાની રકમ લીધી હતી.જેની કામે કરોડોની રકમ આપવાનું કહેવામાં આવ્યું હતું. આ માટે તેમને બનાવટી દસ્તાવેજો પણ મોકલવામાં આવ્યા હતા. પરંતુ, બાદમાં સીતારામભાઇને જાણ થઈ હતી કે વીમાની રકમ અપાવવાના નામે તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. આ બંને ઘટનાઓ અંગે સાયબર ક્રાઇમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.